Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ • અંક : ૨૬ • તા. ૨૯ જુન થી ૦૫ જુલાઈ ૨૦૧૫ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Regn.No. MCE/53/2015-17





શિક્ષણક્ષેત્રે ક્રાંતિવીર
દાતાશ્રી રાયચંદ હંસરાજ ધરમશી

## જ્ઞાતિના શિક્ષણક્ષેત્રે અકલ્પનીય ક્રાંતિ

### જ્ઞાતિના અર્વાચીન ભામાશા :

### સ્વ. શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશીની ઉદાર સખાવત

### ધરમશી પરિવારે અગીયાર કરોડનું યોગદાન આપીને આપણી જ્ઞાતિમાં શિક્ષણની સરહદો વિસ્તારી દીધી છે. તેમની અનુમોદના કરીએ એટલી ઓછી છે.

શ્રી રાયચંદભાઈ સાધર્મિક ભક્તિથી માંડીને ધાર્મિક કાર્યો અને સામાજીક કામો માટે આજીવન યોગદાન આપતા રહ્યા હતા. પિતાના આ સંસ્કારોનો વારસો તેમના સંતાનોમાં પણ ઉતર્યો છે.

જ્ઞાતિમાં શિક્ષણની મહત્તા વધારીને આપણાં બાળકોની સુવર્ણ કારકિર્દી ઘડવામાં અતિમહત્વનો ભાગ ભજવનાર અનન્ય સંસ્થા એટલે શ્રી વીરજી લધાભાઈ કચ્છી દશા ઓસવાલ જૈન વિદ્યાર્થીગૃહ. આ વિદ્યાર્થીગૃહને કારણે જ્ઞાતિએ ઘેર ઘેર સાક્ષરતાનું સપનું સાકાર કર્યું છે. સેંકડો વિદ્યાર્થીઓને મનગમતું શિક્ષણ પ્રાપ્ત કરી પોતાના સહિત પરિવારને સુખનો છાંયડો અપાવવામાં આપણું વિદ્યાર્થીગૃહ સફળ થયું છે.

શ્રી રાયચંદ હંસરાજ ધરમશીના પુત્રરત્નો અને દાનના સહભાગી



શ્રી કલ્પરાજભાઈ



શ્રી હેમાંગભાઈ



શ્રી રવીન્દ્રભાઈ

**ધરમશી પરિવારે અગીયાર કરોડનું યોગદાન આપીને આપણી જ્ઞાતિમાં શિક્ષણની સરહદો વિસ્તારી દીધી છે.**

જો કે, બદલાતા સમય સાથે શિક્ષણના પ્રકાર, ખર્ચ બદલાયા છે અને વિદ્યાર્થીઓની અપેક્ષાઓ પણ. ઉચ્ચ શિક્ષણના મામલે આજે એવી સ્થિતિ છે કે એક વિદ્યાર્થી પાછળ લાખોનો ખર્ચ થઈ શકે છે. દાયકાઓથી કાર્યરત આપણા વિદ્યાર્થીગૃહને આ બાબતે તેથી જ નવા કલેવરની, અત્યાધુનિક થવાની આવશ્યકતા હતી. વળી મુંબઈ એટલે શિક્ષણના મોરચે પણ અગત્યનું શહેર.

દેશભરના કેડીઓ વિદ્યાર્થીઓ અહીં અભ્યાસાર્થે આવે છે. તેમને સારામાં સારી રીતે શિક્ષણ મળે તેના માટે વિદ્યાર્થીગૃહના ટોપ ક્લાસ રિનોવેશન (આવાસ મકાનનું ઉચ્ચ કક્ષાનું પુનઃનિર્માણ) જરૂરી હતું. આ દિશામાં વિદ્યાર્થીગૃહે લાંબા સમયથી પગલાં લેવાનાં પણ શરૂ કરી દીધાં હતા. રિનોવેશનના આ વિરાટ કાર્ય અને જ્ઞાતિના શિક્ષણને ઉચ્ચ સ્તરે અને વિવિધક્ષેત્રે ફેલાવવા પાછળ આશરે પચાસ કરોડ રૂપિયાના ખર્ચનો અંદાજ સેવવામાં આવ્યો હતો. આટલી મોટી રકમ દાતાઓ, જ્ઞાતિજનોના નિઃસ્વાર્થ સહયોગ વિના તો ભેગી થાય જ નહીં. વિદ્યાર્થીગૃહ માટે દાતાઓ દાન પણ આપતા થયા હતા. તેના થકી રિનોવેશનનું કાર્ય સારી ગતિએ આગળ વધી રહ્યું છે. એમાં જો કે, ચમત્કાર સમાન અત્યંત અનુમોદનીય અસર સર્જી જ્ઞાતિના અર્વાચીન ભામાશા શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી અને ધરમશી પરિવારે. જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટેની આ અવ્વલ સંસ્થાના રિનોવેશનનું કાર્ય ઝડપભેર અને સારામાં સારી રીતે થાય અને જ્ઞાતિનું શિક્ષણ ધોરણ એકદમ ઉચ્ચું થાય અને હજી પણ વિવિધ ક્ષેત્રે ફેલાય તે માટે ધરમશી પરિવારે અધધધ કહેવાય તેટલા એટલે કે રૂપિયા ૧૧ કરોડનું દાન આપ્યું છે.

જ્ઞાતિજનોને એ વાતની જાણ છે જ કે રાયચંદભાઈ સાધર્મિક ભક્તિથી માંડીને ધાર્મિક કાર્યો અને સામાજીક કામો માટે આજીવન યોગદાન આપતા રહ્યા હતા. પિતાના આ સંસ્કારોનો વારસો તેમના સંતાનોમાં પણ ઉતર્યો છે. તેથી જ ધરમશી પરિવારે શિક્ષણક્ષેત્રે અસાધારણ એવું દાન આપીને જ્ઞાતિપ્રેમ અને શિક્ષણપ્રેમનો અસાધારણ દાખલો બેસાડ્યો છે.

આ વિરાટ દાન આપતા પહેલાં સાચા સદભાવી તરીકે પરિવારે વિદ્યાર્થીગૃહની અને જ્ઞાતિનાં શિક્ષણની જરૂરિયાતો, નવનિર્માણને સ્પર્શતી બાબતો વગેરે પર સંચાલકો સાથે વિગતવાર ચર્ચા કરી હતી. રાયચંદભાઈ વિદ્યાર્થીગૃહ અને જ્ઞાતિના શિક્ષણ માટે શક્ય તે બધું કરવાને તત્પર હતા. એ વાતથી વાકેફ તેમના પરિવારે આ દાન આપવાની વિધિવત જાહેરાત માર્ચ મહિનામાં કરી હતી. દાનની આ રકમને શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ટ્રસ્ટમાં ચોક્કસ કાર્યલક્ષી કોર્પસ ફંડમાં જમા પણ કરી દેવાઈ છે. આ રકમના વ્યાજમાંથી વરસે લગભગ એંસી લાખ રૂપિયા મળશે. તેનો ઉપયોગ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે લોન આપવાને થશે. આ લોન વિદ્યાર્થીને વગર વ્યાજે આપવામાં આવશે.





# શ્રી રાયચંદ હંસરાજ ધરમશીનાં કુટુંબીજનો અને દાનના સહભાગી



એ કલ્પના જ માત્ર આપણને નતમસ્તક કરી દેનારી છે કે આ દાન થકી ભવિષ્યમાં જ્ઞાતિમાં કેટલાય યુવાનો ઉચ્ચ શિક્ષણસજ્જ થશે. એક ઉચ્ચ શિક્ષિત વિદ્યાર્થી એના આખા પરિવારને સુખી-સંપન્ન કરવાને સક્ષમ થાય છે. આપણા વિદ્યાર્થીઓને આ રીતે સક્ષમ બનાવવા માટે સત્કાર્યની સુવાસ શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવારે પ્રસરાવી છે. કોઈપણ ક્ષેત્રે આટલી મોટી રકમની ફાળવણી જ્ઞાતિના ઈતિહાસમાં પ્રથમ જ હશે. આ રીતે ક્રાંતિકારી પગલું ભરી જ્ઞાતિ સેવામાં અગ્રણી અને દાનવીર શેઠ રાયચંદ હંસરાજ ધરમશી અને તેમના પરિવારજનોને હાર્દિક અભિનંદન અને ઈશ્વર આવા શુભ કામોની એમને પ્રેરણા અને શક્તિ આપતા રહે તેવી શુભેચ્છા.

જ્ઞાતિ તેમના ઉમદા પગલાને અનુસરી શિક્ષણ તરફ દાનનો પ્રવાહ વહેવડાવી શિક્ષણક્ષેત્રને સધ્ધર બનાવે જેથી જ્ઞાતિના કોઈપણ બાળકને કોઈપણ ઉચ્ચ લાઈનમાં જવું હોય તો શિક્ષણ સંસ્થાઓ સહેલાઈથી છાત્રને મદદ કરી શકે તો રાયચંદભાઈનું અનુકરણ કરી જ્ઞાતિ દાનનો ધોધ નવનિર્માણ તરફ વહેવડાવે અને રાયચંદભાઈએ નવી ક્રાંતિની શરૂઆત કરી છે તેને સફળ બનાવે.

**શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહ** વતી
**શીવજી કુંવરજી વીકમશી** (મેનેજીંગ ટ્રસ્ટી)

|| શ્રી જીરાવલા પાર્શ્વનાથાય નમઃ ||　　|| શ્રી શામળીયા પાર્શ્વનાથાય નમઃ ||



પધારો ! 　પધારો !! 　પધારો !!!

# "શીતલ જલધારા" પાણીની પરબનું લોકાર્પણ

શ્રી તેરા, કુવાપધ્ધર, લાખણીયા તથા ધ્રુફી ગામના ભાઈ-બહેનો....

અચલગચ્છાધિપતિશ્રી ના આજ્ઞાનુવર્તિનિ

પ.પૂ. સાધ્વીજી વીરગુણાશ્રીજી મ.સા. અને પ.પૂ. સાધ્વીજી નમ્રગુણાશ્રીજી મ.સા.

નો તેરા તીર્થ મધે ચાતુર્માસ પ્રવેશ શુક્રવાર, તા. ૧૭/૭/૨૦૧૫, અષાઢી બીજ.

"શિતલ જલધારા"
-: સૌજન્ય :-
**માતુશ્રી પ્રેમાબાઈ ભાણજી લાલકા - વારાપધ્ધર**
(આણંદ પરિવાર ની દિકરી)
હસ્તે - અ.સૌ. દેવીકાબેન સોમચંદ ભાણજી લાલકા, વારાપધ્ધર (કચ્છ) અમલનેર
સંવત-૨૦૭૧, દ્વિ-અષાઢ સુદ -૨, તારીખ-૧૭-૭-૨૦૧૫, શુક્રવાર

**શ્રી સોમચંદભાઈ ભાણજી લાલકા પરિવાર**, કચ્છ-વારાપધ્ધર, હાલ અમલનેર વાળાએ અમારી વિનંતીને માન આપી તેરા મહાજન વાડી સ્થિત શિતલ જલધારા - પાણીની પરબ નો સંપૂર્ણ લાભ લીધો છે.

આપણા જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા એ લોકોને પાણી પીવડાવી, મુંબઈમાં ધર્મ ધ્વજા ફરકાવી હતી, તેમના પગલે શ્રીયુત સોમચંદભાઈ પોતાના નાનાણા ના ગામમાં પાણીની પરબ બાંધી, અનેક લોકો માટે દૃષ્ટાંત રૂપ બન્યા છે. ધન્યવાદ - અનુમોદના.

**ચાતુર્માસ પ્રવેશના દિવસે શીતલ જલધારાના લોકાર્પણ પ્રસંગે આપ સહુને પધારવા હાર્દિક આમંત્રણ...**

લી.

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, તેરા ● શ્રી તેકુલાધુ જૈન યુવક સંઘ**





## ઉજ્જવળ કારકિર્દી બદલ અભિનંદન

**શ્રેયાંસ જ્ઞાનેશ ડાઘા** (વરાડીયા-પુના)

**શ્રેયાંસની ઉજ્જવળ કારકિર્દીની ઝલક**

- અમેરિકાના લોસ એન્જલસ શહેરમાં આવેલી યુનિવર્સિટી ઓફ સધર્ન કલિફોર્નિયામાંથી મલ્ટી મીડીયા અને ક્રિએટીવ ટેક્નોલોજી મુખ્ય વિષયો સાથે ઈલેક્ટ્રીકલ એન્જીનિયરીંગમાં માસ્ટર્સ ડિગ્રી લઈ ગ્રેજ્યુએટ થયા.
- પુણે યુનિવર્સિટીમાંથી બેચલર ઓફ એન્જીનિયરીંગ ઈન ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ટેલીકોમ્યુનિકેશનની પદવી લીધી.
- ટૂંકમાં અમેરિકાના એરિઝોના પ્રાંતમાંના ફીનીક્સ શહેરની ઈન્ટેલ કોરપોરેશનમાં જોડાશે.

: દાદા-દાદી :

**પ્રભાબાઈ ચીમનલાલ ડાઘા** (વરાડીયા-પુના)

: નાના નાની :

**સરલાબાઈ શાંતીલાલ દામજી લાલકા** (વારાપધર-ચોપડા)

## હાર્દિક અભિનંદન

## મૈશેરી તથા છેડા પરિવાર નું ગૌરવ





**કુ. દિશા શરદ મૈશેરી** (જખૌ-બેલારી)

C.B.S.E. 10th Board માં CGPA 10 માં થી 10 મેળવી ઉતીર્ણ થયેલ છે.

તે સિવાય International Olympaid of Mathematics તથા Science માં Silver Medal મેળવેલ છે.

તે બદલ **હાર્દિક અભિનંદન.**

: દાદા-દાદી :

સ્વ. મેઘજી લાલજી મૈશેરી ● સ્વ. ભચીબાઈ મેઘજી મૈશેરી

: નાના નાની :

સ્વ. પદમશી ધનજી છેડા ● ગં. સ્વ. નિર્મલા પદમશી છેડા

: માતા-પિતા :

શ્રી શરદ મેઘજી મૈશેરી ● સૌ. નીતા શરદ મૈશેરી

મોટીબહેન : પ્રિયંકા શરદ મૈશેરી

**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 26/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

## શ્રી સમ્મતે શિખરજી તીર્થના મુખ્ય જલમંદિરના જીર્ણોદ્ધારની ઝુંબેશ : પૂર્ણ સહયોગ આપી સફળ બનાવીએ

પ્રાપ્ત સમાચાર મુજબ જલમંદિરનો જીર્ણોધ્ધાર કરવાના હેતુ એ મંદિરના મૂળ નાયક સિવાયની અન્ય સર્વે પ્રતિમાઓનું ઉત્થાપન કરવામાં આવ્યું છે. શ્વેતાંબર તીર્થે ઉપર સમસ્ત શ્વેતાંબર સંપ્રદાયના તમામ ગચ્છો, ફીકરાઓ તથા વ્યક્તિઓને ધાર્મિક ક્રીયાઓ કરવાનો ભોગવટા અધિકાર તથા હક્ક છે. વહીવટ ભલે કોઈપણ સંસ્થા, સમૂહ, સંઘે કે વ્યક્તિઓ કરતી હોય.

તીર્થોના જીર્ણોધ્ધાર જેવી અગત્યની કામગીરી હાથ ધરવા અગાઉ તેના વહીવટકર્તાએ સર્વ માન્ય ગચ્છો અને ફિરકાઓને વિશ્વાસમાં લઈ જીર્ણોધ્ધારની રૂપરેખા ઘડી સર્વેની સંમતિ મેળવી, તે મુજબ કાર્યવાહી હાથ ધરવી જોઈએ. આમ ન કરવામાં આવે તો શક્ય છે કોઈ એક ગચ્છ-સમાચારી કે ફીરકાનું તીર્થમાં આધિપત્ય વધી જાય અને અન્યોના હિત અને હક્ક હણાઈ જાય. શ્રી શિખરજી તીર્થના વર્તમાન જીર્ણોધ્ધારની કાર્યવાહી માટે અન્ય શ્વેતાંબર ફીરકાઓની સંમતિ મેળવી હોય તેવું જણાતું નથી. જીર્ણોધ્ધારના માર્ગદર્શકો જ કોઈ પણ હોય તેમની કાર્યપ્રણાલિ શંકાસ્પદ અને અન્ય શ્વેતાંબર ફીરકાઓના ન્યાયી હક્કોનું ઉલંઘન કરવા બરાબર છે.

શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘ, ગામે ગામના અચલગચ્છ સહિત વિવિધ ગચ્છોના સંઘો, મહાજનો, શ્વેતાંબર સમાચારી પાળતા વિવિધ સમુદાયના સભ્યોએ શ્રી સમ્મેત શીખરજીનો વહીવટ કરતી પેઢી/સંસ્થા અને તેના વહીવટકર્તાઓ સમક્ષ યોગ્ય જોરદાર રજુઆત કરી, વર્તમાનમાં હાથ ધરાયેલ જીર્ણોધ્ધાર માટે સર્વેની સંમતિ મેળવવા ફરજ પાડવી જોઈએ અને ત્યાં સુધી જીર્ણોધ્ધારનું કાર્ય સ્થગિત કરાવવા કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવી જોઈએ. શ્વેતાંબર જૈનોની માન્ય સંસ્થા, શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનો સાથ સહકાર લેવો જરૂરી છે. પ.પૂ. આચાર્ય ભગવંતોના માર્ગદર્શનમાં સર્વેના હિત જળવાઈ રહે તે કાર્યવાહી કરવા શ્રી અ.ભા. અચલગચ્છ જૈન સંઘના કાર્યદક્ષ પ્રમુખશ્રી અને અધિકારી વર્ગ પોતાની ફરજ અદા કરે એજ અપેક્ષા.

**- મહેન્દ્ર દેવજી ખોના,** મુલુન્ડ-થાણા

---

**રાણપુરના શ્રી મહાવીરસ્વામિજી જિનાલયનો ભવ્ય ઈતિહાસ - આજે વસતી રહીત ગામ...**

તાજેતરમાં કોઠારા ગામે માતુશ્રી ભારતીબેન ભાગચંદભાઈ દામજી જૈન પરિવાર આયોજીત સુંદર ત્રિહાનિકા મહોત્સવ ઉજવાઈ ગયો. આ ધર્માનુરાગી ભાગ્યવંતા પરિવારે રાણપુર ના મુળનાયક શ્રી મહાવીરસ્વામિ પ્રભુજીને સુપેરે યાદ કરી કોઠારાની સાથે સાથે, ત્યાં પણ પ્રભુજીના અઢાર અભિષેક કરાવ્યા, જે ખૂબજ અનુમોદનીય છે. ધન્ય છે આવા પુણ્યશાળી પરિવારને...!!!

આજે વસતી રહીત આ ગામમાં અત્રે બિરાજમાન શ્રી મહાવીરસ્વામિ ભગવાનની પ્રતિષ્ઠા - દેરાસરજી નિર્માણના લાભાર્થી શ્રી કુંવરજીભાઈ શામજી વિકમશી (પટેલ) પરિવારે તા. ૨૬-૦૧-૧૮૯૪ના રોજ પ.પૂ. અચલગચ્છાધિપતિશ્રી જીનેન્દ્રસાગર સૂરિશ્વરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં કરી હતી. તીર્થરૂપે ગણતરી થાય એવા આ દેરાસરજીને ૧૨૧ વર્ષના વહાણા વહી ગયા.

દરિયા કાંઠે વસેલ રાણપુરના આ ધર્માનુરાગી પરિવારના જ સુપુત્ર એવા શ્રી ખીમજીભાઈ સમસ્ત કચ્છમાં પ્રથમ CA બન્યા હતા. આજે મે. ખીમજી કુંવરજીની કું.નું સફળ સંચાલન કરતા એમના લઘુબંધુ શ્રી શીવજીભાઈ (CA) કેળવણીપ્રિય, અનેક શૈક્ષણીક સંસ્થાઓ સાથે જોડાયેલા કર્મનિષ્ઠ, મહાનુભાવ છે. જેઓ આજે ૮૮ વર્ષની પીઢ વયે પણ સમાજસેવામાં ખૂબજ કાર્યશીલ છે.

લગભગ ૫-૬ દાયકાથી ગામમાં વસતી ન હોવા છતાં પણ ચરમ તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીરસ્વામિ આજે પણ બીરાજમાન છે, આમાં રાણપુર ગામના પુનઃનિર્માણ / પુનઃવસવાટનો જ સંકેત હોઈ શકે !!!

આજે રાણપુરવાસીઓ, તેમજ મુંબઈ કચ્છના મહાજનો, શ્રી અનંતનાથજી ટ્રસ્ટ અને જ્ઞાતિના આગેવાનો આ બાબતે વિચાર વિનિયમ કરી, શુભ સંકલ્પ કરે તો સરકારશ્રીની ''ગોકળિયુંગ્રામ''ની યોજના અન્વયે આજની વિચાર સરણીને આધારિત વિદ્યાપીઠ સંકુલ તેમજ નૂતન વસવાટનું નિર્માણ થાય. રોજગાર - લક્ષ્મી ગૃહઉદ્યોગો ઉભા થાય તો જ્ઞાતિજનોનો વસવાટ પણ આપ મેળે થાય અને રાણપુર ગામ ફરીને કિલ્લોલ કરતું થઈ જાય !

**- સોમચંદ લોડાયા,** આરીખાણા - મુલુંડ

## નોટીસ : જાહેર સુચના

### અનંત છાયાનું રીડેવલપમેન્ટ

હું જયંત બી. સોની આ જાહેર સુચનાથી કચ્છી દશા ઓસવાલ સાથે સંબંધિત સૌ કોઈને સૂચિત કરું છું કે રાજેશ પી. લોડાયા અને અન્ય પાંચ જણે જોઈંટ ચેરીટી કમીશનર સમક્ષ અનંતનાથજી મહારાજ દેરાસર અને તેના સાધારણ ફંડોના ટ્રસ્ટ અને કી લેંડ ડેવલપર્સ વિરુધ્ધ બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ, ૧૯૫૦ની કલમ ૩૬(૧) (અ) હેઠળ તા. ૩૧.૧.૨૦૧૩ના અપાયેલા ચુકાદામાં સુધારણા દ્વારા અનંત છાયા ઘાટકોપરના પ્રોજેક્ટને પડકારતી અરજી નોંધાવી છે.

આ અરજી, કાર્યવાહી નોંધ, મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેડીંગ (સમજૂતિનો મુસદો), એફ એસ આઈ ની ગણતરીઓ વિગેરે તેના જોડાણો સાથે અંદાજે ૩૧૫ પાનાં થવા જાય છે. કોઈ પણ સંબંધિત વ્યક્તિ પોતાને માહિતગાર કરવાના હેતુથી આની નકલો મેળવવા ઈચ્છતી હોય તે આ સુચના આપનાર પાસેથી નીચે અપાયેલ તેમની ઓફિસના સરનામેથી ક.દ.ઓ. જ્ઞાતિના સભ્ય હોવાની સાબિતી સહ તેની વિગતો આપતી લેખિત અરજી સાથે રૂા. ૩૨૫/- ભરી એ નકલ મેળવી શકે છે.

**જયંતી બી. સોની**

**જૉય હોમ ક્રિયેશન લિ.**, ૩૦૬-૩૧૦, માધવા, ત્રીજે માળે, બાંદ્રા કુર્લા કોમ્પલેક્ષ, બાંદ્રા (પૂર્વ), મુંબઈ - ૪૦૦૦૫૧.

## NOTICE

### Re: Redevelopment of AnantChhaya

I, Jayant B. Soni, hereby give notice to all concerned with KDO that one Rajesh P. Lodaya and 5 others have filed a Miscellaneous Application No. 181 of 2015 against AnantnathjiMaharaj Temple and its Sadharan Fund Trust and Key Land Developers, before the Jt. Charity Commissioner challenging the project of AnantChhayaat Ghatkoparby seeking modification of order dated 31.1.2013 passed u/s. 36(1)(a) of Bombay Public Trusts Act, 1950.

The Application, Minute Books, MOU,FSI Calculations etc.alongwith its enclosures runs into 315 pages approximately.

Any concerned person desirous of obtaining the copies of the same for the purpose of his information may obtain the same from the undersigned from his office address given below upon payment of Rs.325/- with written application giving his particulars alongwith the proof of KDO membership.

**Jayant B. Soni**

Joy Home Creation Limited, 306-310, Madhava, 3rd Floor, Bandra Kurla Complex, Bandra (E), Mumbai - 400 051.

## શ્રી અચલગચ્છ જૈન ટ્રસ્ટ
## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન,કોઈમ્બતુર

# કોઈમ્બતુર નગરે ''દશાઈ જો દેરો''

**દક્ષિણ ભારતના તામિલનાડુ રાજ્યે ગીરી પર્વતોની હારામાળ વચ્ચે આવેલા કોઈમ્બતુર નગરે** જ્ઞાતિના ઈતિહાસમાં લખાયો એક ગૌરવશાલી સુવર્ણ પૃષ્ઠ..... ક.દ.ઓ જ્ઞાતિના ૮૦ પરિવારોના તન-મન-ધનથી સાકાર થયેલ સ્વપ્ન એટલે જ દેવવિમાન તુલ્ય સંગેમશ્વર આરસમય નયનાભિરામ દેવાધિદેવ શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાનના નૂતન જિનાલયની પ્રતિષ્ઠા મહોત્સવ....

અચલગચ્છ (વિધિપક્ષ) ગચ્છેશ... શાસન સમ્રાટ રાષ્ટ્રસંત પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ની દિવ્યકૃપા, તપસ્વીસમ્રાટ સંઘશિરછત્ર વર્તમાન અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મ.સા. તથા સાહિત્ય દિવાકર સંઘવત્સલ પ.પૂ. આ.ભ. શ્રી કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા. ના આજ્ઞા, આશિર્વાદ.... પ્રવચન પ્રભાવક પૂ. મુનિરાજ શ્રી દેવરત્નસાગરજી મ.સા. ની અદ્રશ્ય આશિષ અને દાદાની પ્રતિષ્ઠા કાજે ભોપાલ (M.P.) થી ૨૧૦૦ કિ. નો ઉગ્રવિહાર કરી પધારનારા ક.દ.ઓ. જ્ઞાતિ રત્ન મહાતપસ્વી વાત્સલ્યવારિધિ પ.પૂ. મુનિ પ્રવર શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા., પ.પૂ. મુનિ શ્રી રાજશેખરસાગરજી મ.સા, પ.પૂ. મુનિ શ્રી ધર્મશેખરસાગરજી મ.સા. ઠાણા-૩ ની સૌભાગ્યવંતી નિશ્રામાં દશાન્હિકા મહામહોત્સવ ને ભવ્યતા પ્રદાન કરી.

અમારા જિનમંદિરના માર્ગદર્શક કચ્છી સમાજના લોક લાડીલા સુવિશુધ્ધ સહ વિધિકાર શ્રી નરેન્દ્રભાઈ રામજી નંદુ સહ કયવન્ન-જય-મેઘ ત્રિપુટી બંધુ અમારા પોતાના થઈને અમારા પ્રસંગને પોતાનો ગણી પ્રતિષ્ઠા મહોત્સવને જિનશાસનના ઈતિહાસ માં અમર બનાવ્યું.

અનેક જ્ઞાતિ મહાજનો... પદાધિકારીઓ... મહેમાનો પ્રતિષ્ઠા પ્રસંગે પધારી શાસનની શોભામાં અભિવૃદ્ધિ કરી. અમારા કાર્યને હોંશે હોંશે વધાવ્યું.....

જિનાલય નિર્માણ સહ પ્રતિષ્ઠા મહોત્સવમાં જ્ઞાતિના દાનવિરોએ દાનની ગંગા વહાવી... પોતાની લક્ષ્મીને સુકૃતમાં વપન કરી સર્વશ્રેષ્ઠ પુણ્ય ઉપાર્જન કરી ધન્ય બન્યા...

સાધર્મિક ભક્તિ - સ્વામી વાત્સલ્ય વગર પ્રસંગ અધૂરો લાગે... એજ વ્યવસ્થામાં જ્ઞાતિના જ શિરમોર પ્રતાપ એક્સલંસી ના શ્રી મણીકાંત નીત નવી વાનગી પિરસી મહોત્સવને ચાર ચાંદ લગાવી યશ કલગી તાજ અર્પણ કર્યો.

ઘણા વર્ષોથી આતુરતાથી જેની રાહ જોવાઈ રહી હતી એ પ્રભુ પ્રતિષ્ઠાને સર્વે એ ખૂબ જ હર્ષથી, હૃદયથી અને ભાવથી કરી કરાવી. પ્રતિષ્ઠા કાજે પધારેલ ગુરૂભગવંતો નો વિહાર નિર્વિઘ્ન પરિપૂર્ણ થાય તે માટે વિહાર દિન થી પ્રતિષ્ઠા દિન સુધી સંઘમાં સાંકળી આયંબીલની તપસ્યાનું આયોજન સુંદર રીતે થયું. પ્રતિષ્ઠા મહોત્સવના દશાન્હિકા મહોત્સવ ખૂબજ સુવ્યવસ્થિત રીતે ઉજવાયો.

## શ્રી અચલગચ્છ જૈન ટ્રસ્ટ ● શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન,કોઈમ્બતુર

### પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન દશાન્હિકા મહોત્સવમાં થનારા પ્રસંગો અને પ્રસંગોમાં લાભ લેનાર લાભાર્થી...

તા. ૧૫.૫.૨૦૧૫ ના કુંભ સ્થાપના, દીપક સ્થાપના બાદ

આરતી - માતુશ્રી સરલાબાઈ રતીલાલ લોડાયા - ૩૫૩૫ મણ

મંગલ દીવો - માતુશ્રી સરલાબાઈ રતીલાલ લોડાયા - ૨૫૦૧ મણ

શાંતિ કળશ - શ્રીમતી દીના પ્રદીપ લોડાયા - ૫૦૦૧ મણ

રાત્રે પ્રભુભક્તિમાં ધાર્મિક હાઉઝી રમીને ધાર્મિક પ્રશ્નોની રમઝટ થઈ.

તા. ૧૬.૫.૨૦૧૫ - પ્રભુજીનો ભવ્યાતિભવ્ય ગભારા પ્રવેશ, વરઘોડો, સ્વજનોએ ખૂબજ ઉત્સાહ, ઉલ્લાસપૂર્વક બેંડ વાજિત્રો સાથે પ્રભુજીનો ગભારા પ્રવેશ થયો. વરઘોડામાં ડ્રોન હેલિકોપ્ટરથી ફૂલોની વર્ષા થઈ.

તા. ૧૭.૫.૨૦૧૫ થી તા. ૧૯.૫.૨૦૧૫ - શ્રી સ્નાત્ર પૂજા થઈ.

તા. ૨૦.૫.૨૦૧૫ - વિવિધ પૂજનો તથા પ્રભુ ભક્તિમાં અંતાક્ષરીની સુંદર પ્રતિયોગિતા યોજાઈ.

તા. ૨૧.૫.૨૦૧૫ - પ્રભુ ચ્યવન/જન્મ કલ્યાણકની ઉજવણી થઈ. પ્રભુજીના વિવાહ મહોત્સવમાં ચાર ફેરાના લાભાર્થી પરિવાર.

૧) માતુશ્રી કાન્તાબેન કાનજી લોડાયા
૨) શ્રીમતી પુષ્પાબેન મોતીચંદ લોડાયા
૩) શ્રીમતી કલ્પનાબેન રાયચંદ મોતા - સેલમ ૪) શ્રીમતી રૂચી કુણાલ વોરા

તા. ૨૨.૫.૨૦૧૫ - પ્રભુજીનો ભવ્યાતિભવ્ય વરઘોડો હાથી, ઘોડા, રથ સાથે યોજાયો.

પ્રભુજીને રથમાં લઈ બેસવાનું - માતુશ્રી લીલાવંતી નવિનચંદ્ર લોડાયા - રૂા. ૯૧૧૯૧/-

રથના સારથી - શ્રીમતી કલ્પનાબેન કીર્તિ મોમાયા - રૂા. ૧૨૧૧૨/-

હાથી પર બેસવાનું - કુમાર જીનેશ પ્રદીપ લોડાયા - રૂા. ૩૬૬૩૬/-

ઘોડા પર બેસવાનું - નકરો રૂા. ૫૦૦૦/- ૧) પુરવ પ્રશાંત મોમાયા, ૨) દેવંશ રાજીવ દેસાઈ, ૩) અર્નવ હેમાંગ ખોના, ૪) હર્ષિદા ભવિક મોમાયા, ૫) ચૈતન્ય નિખિલ વિકમશી અને ૬) ક્ષિતિજ હીરેન ડાઘા

પ્રભુજીને પોંખવાના - શ્રીમતી ભવાની વરુણ ડાઘા - રૂા. ૫૨૨૫૨/-

બપોરના વિજય મુહર્તે અઠાર અભિષેક, તેમાં

અષ્ટપ્રકારી પૂજા - શ્રીમતી ખમ્માબેન ઉત્તમચંદ ખોના - સાંગલી - રૂા. ૧૫૫૫૫/-

સૂર્ય દર્શન - શ્રીમતી લક્ષ્મીબેન વિસનજી મોમાયા - રૂા. ૧૨,૦૦૧/-

ચંદ્ર દર્શન - શ્રી નવિન ઉમરશી શાહ - રાયપુર - રૂા. ૮૧૮૧/-

આરતી - શ્રી નિખિલ જવેરચંદ વિકમશી - રૂા. ૮,૦૦૧/-

મંગલ દીવો - શ્રી લખમશી વેલજી મૈશેરી - કોચીન - રૂા. ૫૦૦૧/-

શાંતિ કળશ - માતુશ્રી કુસુમબેન હિંમતલાલ લોડાયા - રૂા. ૨૪,૪૨૪/-

તા. ૨૩.૫.૨૦૧૫ - શ્રી પરમાત્માની પ્રતિષ્ઠા ખૂબજ ઉત્સાહ પૂર્વક થઈ.

શ્રી ધ્વજદંડ પ્રતિષ્ઠા થઈ અને ધજા ચડાવવાનો લાભ -રૂા. ૩૬,૩૬,૬૩૬/- માતુશ્રી સરલાબાઈ રતિલાલ લોડાયા અને શ્રી લક્ષ્મીચંદ ચાંપશી દંડ પરિવાર.

શ્રી શિખરના કળશની પ્રતિષ્ઠા - રૂા. ૭,૧૧,૧૧૧/- માતુશ્રી ધનલક્ષ્મી દિનેશ લોડાયા.

શ્રી રંગમંડપ અને ચોકીના કળશની પ્રતિષ્ઠા - રૂા. ૭,૨૫,૫૨૫/- શ્રી માણેકજી પરબત મૈશેરી પરિવાર.

પ.પૂ. મહારાજ સાહેબને કાંબળી વહેરાવવાનું -રૂા. ૭૫,૫૭૫ શ્રી લક્ષ્મીચંદ ચાંપશી દંડ.

પ્રતિષ્ઠા બાદ પહેલી આરતી - રૂા. ૭૫,૫૭૫ /- માતુશ્રી હીરબાઈ નરશી મોમાયા.

મંગલ દીવો - માતુશ્રી હીરબાઈ નરશી મોમાયા - રૂા. ૯૧,૧૯૧/-

કંકુના થાપા - માતુશ્રી હીરબાઈ નરશી મોમાયા - રૂા. ૧,૨૫,૫૨૫/-

ઘંટનાદ - શ્રી પ્રતિક મણીલાલ સાવલા - હૈદ્રાબાદ - રૂા. ૨૧,૨૦૧/-

અખંડ જ્યોત - માતુશ્રી ધનલક્ષ્મી દિનેશ લોડાયા - રૂા. ૧,૧૧,૧૧૧/-

બપોરના વિજય મુહર્તે શ્રી બૃહદ શાંતિ સ્નાત્ર તેમાં

આરતી - શ્રીમતી જયાબેન ચીમનલાલ પટેલ - રૂા. ૩૦૦૧/-

મંગલ દીવો - શ્રીમતી માયાબેન દીપક શ્રોફ - રૂા. ૩૧૦૧/-

શાંતિ કળશ - શ્રીમતી ધનલક્ષ્મી દિનેશ લોડાયા - રૂા. ૧૫,૫૫૫/-

તા. ૨૪.૫.૨૦૧૫ - દ્વારોદ્‌ઘાટન - શ્રીમતી મધુબેન દિપક દેસાઈ રૂા. ૩,૫૧,૦૦૦/-

પ્રતિષ્ઠા દરમ્યાન સાધારણ ખાતાના લાભાર્થી

સંઘ શિરોમણી દાતા : રૂા. ૧૧,૧૧,૧૧૧/-. માતુશ્રી સરલાબાઈ રતીલાલ લોડાયા. માતુશ્રી બાયાબાઈ ખીમજી લોડાયા.

રૂા. ૧,૨૫,૦૦૦/-

૧) શ્રીમતી કલ્પના બેન વિકમશી

રૂા. ૧,૧૧,૧૧૧/-

૨) શ્રીમતી પદ્મીની ચાંપશી ગોવિંદજી મોમાયા

૩) શ્રીમતી રેખા સુર્યકાંત ડાઘા

૪) શ્રી. લક્ષ્મીચંદ ચાંપશી દંડ

૫) શ્રીમતી ખમાબેન કેવલચંદ જૈન - બાડમેર

૬) શ્રીમતી જયાબેન મોતીચંદ ચંદેરીયા

૭) શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન સાંયરા

૮) શ્રીમતી મણીબેન નવિનચંદ્ર શાહ અને શ્રીમતી તારાબેન ચંપકલાલ શાહ

૯) પ્રતાપ એક્સલંસી પરિવાર

૧૦) શ્રીમતી શકુંતલા જયંતીલાલ બાફના

૧૧) શ્રીમતી દુર્ગાબેન ચંપાલાલ બાફના

૧૨) શ્રી વસંતલાલ ડી. શાહ

પ્રતિષ્ઠા દરમ્યાન જીવદયાના લાભાર્થી

૧) શ્રી અનંતનાથ ટ્રસ્ટ મુંબઈ - રૂા. ૩૩,૩૩૩/-

૨) શ્રી સુનિલ દેવશી ડાઘા - રૂા. ૨૧,૦૦૦/-

૩) શ્રી કોઈમ્બતુર મૂર્તિપૂજન સંઘ - રૂા. ૩૩,૩૩૩/-

૪) શ્રીમતી ઉર્વી નિર્વેશ શાહ - ૧૧,૧૧૧/-

## કેડીઓ ક્લાસિક દ્વારા કચ્છી નવ વર્ષ અષાઢી બીજની ઉજવણી











કેડીઓ ક્લાસિક દ્વારા કચ્છી નવ વર્ષ અષાઢી બીજની ઉજવણી રવિવાર, તા. ૨૧/૬/૨૦૧૫ના કે.જે. સોમૈયા કોલેજના હૉલમાં સભ્યો અને આમંત્રિત મહેમાનોની હાજરીમાં વિશેષ કાર્યક્રમ ચેતના ગઢવીના રંગ કસૂંબલ ડાયરોથી કરવામાં આવી હતી. પ્રેસીડન્ટ હીરાચંદ દડે આવકાર વિધી કરી. ભૂ.પૂ. પ્રેસીડન્ટ જયંત લાપસીયાએ પ્રાસંગિક પ્રવચન કર્યું. સેક્રેટરી શ્રીમતી સરસ્વતી જે. લાપસીયાએ કચ્છી ભાષામાં કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. પિયુશ શાહએ આભાર વિધિ કરી હતી.

આ પ્રસંગે શ્રી કલ્પેશ મોતા, શ્રી કલ્યાણજી છેડા, શ્રી કિરીટ મુનવર, શ્રી રાયચંદ જીવાણી, શ્રી કિશોર મહેશ્વરી, શ્રી દત્તા ખીમજી, શ્રી બકીંમચંદ ખોના, શ્રીમતી ચંદ્રાબેન ખોના અને શ્રી નવિન અજાણી તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત હતા.

ચેતન ગઢવીએ ગુજરાતી અને કચ્છી પારંપારિક ગીતોનો રસથાળ રજુ કરી સૌને મોરલાની જેમ થનગણતા કરી લીધા હતા

**કચ્છી નવ વર્ષ અષાઢી બીજની ભાવભરી શુભકામના - પ્રકાશ સમીક્ષા સમિતી**


।। શ્રી અજિતનાથાય નમઃ ।।

## શ્રી અજિતનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ

મુ.પો. દલતુંગી, જી. જામનગર, ગુજરાત - ૩૬૧ ૨૮૦.

**મુંબઈ કાર્યાલય :** C/o. ૨૦૮, ભાવેશ્વર કૉમ્પલેક્ષ, રેલ્વે સ્ટેશન પાસે, વિદ્યાવિહાર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬

પ્રિય ગામવાસી ભાઈઓ તથા બહેનો,

જય જિનેન્દ્ર !

દર વર્ષની જેમ આ વર્ષે પણ પર્યુષણ પર્વ ઉજવવાનું નક્કી કરેલ છે. આપ સૌને સહપરિવાર દલતુંગી ગામે પધારવા નમ્ર વિનંતી.

પર્યુષણ પર્વ શ્રાવણ વદ ૧૩ ને શુક્રવાર **તા. ૧૧.૦૯.૨૦૧૫** થી ભાદરવા સુદ ૬ ને શનિવાર **તા. ૧૯.૦૯.૨૦૧૫** સુધી ઉત્સાહપુર્વક ઉજવણી કરવાનું ટ્રસ્ટ મંડળે નક્કી કરેલ છે. ભાદરવા સુદ ૨ ને મંગળવાર તા. ૧૫.૦૯.૨૦૧૫ (આખો દિવસ) અને ભાદરવા સુદ ૬ ને શનિવાર તા. ૧૯.૦૯.૨૦૧૫ (બપોર સુધી) શ્રી સંઘની સાધર્મિક ભક્તિ રાખેલ છે. જેનો એક દિવસનો નકરો રૂા. ૧૧,૦૦૦/- રાખેલ છે. જે કોઈપણ ભાગ્યશાળી પરિવારને લાભ લેવાની ઈચ્છા હોય એમણે વહેલાસર શ્રી શામજીભાઈ શિયાળને જાણ કરવા વિનંતી.

બહારગામથી પધારનાર આરાધકોની જમવાની વ્યવસ્થા કરવામાં આવશે. શ્રી શામજીભાઈ શિયાળને (07567140940) તા. ૩૧.૦૮.૨૦૧૫ સુધી ફોન કરી સમયસર સંખ્યા જણાવવા વિનંતી, જેથી વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.

દલતુંગી ગામે દેરાસરજીનું તથા ઉપાશ્રયમાં રંગરોગાનનું કામ ચાલુ છે. લાઈટ ફીટીંગનું કામ પણ ટુંક સમયમાં થઈ જાશે. તો ચાલો આપણે સૌ દલતુંગી ગામે પર્યુષણ પર્વ ઉજવવા સહપરિવાર સામેલ થઈએ.

આર્યરક્ષિત વિદ્યાપીઠમાંથી બે બહેનો આરાધના કરવવા પધારશે.

લી. ટ્રસ્ટી વતી પ્રવિણ જેઠાલાલ લાપસીયા (પ્રમુખ) તથા સર્વે ગણના જય જિનેન્દ્ર

RAJSHREE YOGA & FAT FREE ZONE ®

Weight Management & Yoga Center
Since 1994

## રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોન છેલ્લા ૨૨ વર્ષથી શારિરીક તથા માનસિક તંદુરસ્તીના ક્ષેત્રે અપ્રતિમ....

### પ્રોગ્રામ ઉપલબ્ધ

- વજન મેનેજ કરવું
- વજન મેઈનટેઈન કરવું
- બોડી શેપિંગ, ટોનિંગ અને સાઈઝ ઘટાડવી
- એન્ટિ એજીંગ (હમેશાં યુવાન રહેવું)
- ડાયાબિટીસ
- અસ્થમા અને એલર્જી
- કોલેસ્ટ્રોલ અને બ્લડ પ્રેસર
- માઈગ્રેઈન
- થાઈરોઈડ
- ગેસ, એસીડીટી અને કબજીયાત
- ઘૂંટણ, મણકાની અને સાંધાનો દુખાવો
- અશકિત અને થાક લાગવો
- ચામડીની બિમારીઓ

### બાળકો માટે ખાસ

- ઉંચાઈ વધારવી
- શરીરનો આકાર સુધારવો
- એકાગ્રતા અને આત્મવિશ્વાસનો અભાવ
- બાળકો તથા માતાપિતાનું કાઉન્સેલિંગ
- પથારીમાં પેશાબ કરવો
- યાદ શકિતની તકલીફો
- પોતાની સંભાળ તથા સલામતીની ટ્રેનીંગ

### સ્ત્રીઓ માટે ખાસ

- પ્રેગનેન્સી પછી વજન ઘટાડવું
- પ્રેગનેન્સી માટેના યોગા
- સ્કીન ટાઈટ અને ગ્લો માટે
- માસિક અને હોર્મોન્સ ની તકલીફો
- મેનોપોઝ

### વયસ્કો માટે ખાસ

- અશકિત, થાક અને મુંઝવણ
- સાંધાનું અકડાવું અને દુખાવો
- ઘુંટણ, પીઠ અને શરીરનું દુખવું
- પેશાબ સબંધિત તકલીફો
- ઉંઘ સબંધિત તકલીફો

### માનસિક સ્વાસ્થ્ય માટે

- અશકિત, થાક અને મુંઝવણ
- ડર, તાણ, ડિપ્રેસન
- સ્ટ્રેસ મેનેજમેન્ટ
- એંગર (ગુસ્સો) મેનેજમેન્ટ
- કાઉન્સેલિંગ
- મોટીવેશનલ પ્રોગ્રામ

### અમે આપીએ છીએ

- ફિટનેસ યોગા
- હીલીંગ યોગા
- યોગા થેરેપી
- મસલ્સ બનાવવા
- વ્યાયામ
- પ્રાણાયામ
- ડાયેટ અને ન્યુટ્રીશન
- બિમારીનું મેનેજમેન્ટ
- લાઇફ સ્ટાઇલ કરેકશન
- સુ જોક એકયુપ્રેસર
- એકયુપંકચર
- સ્માઇલ મેડીટેશન
- કલર અને સીડ થેરેપી
- મેગ્નેટ થેરેપી

Ph:- 93233 33303, 93218 99909, 24104142

૫, ધન બીલ્ડીંગ, પહેલે માળે, દાદા સાહેબ ફાલકે રોડ,
ગાડગે મહારાજ સેનેટોરિયમની સામે, ભરતક્ષેત્રની ગલીમાં, દાદર (ઇ), મુંબઇ -૪૦૦ ૦૧૪

Web Site : www.rajshreeyoga.com E-mail : rajshreeyoga@gmail.com

## તનુ વેડ્સ મનુ રિટર્નસ એટલે હાસ્યના પડીકામાં છુપાયેલી આપણી આવતી કાલના સ્ત્રી સ્વાતંત્ર્ય અને સમાજ જીવનના તાણાવાણા

તનુ વેડ્સ મનુ રિટર્નસના લેખક હિમાંશુ શર્મા અને પ્રોડ્યુસર ડિરેક્ટર આનંદ રાય અને ત્રિશિકા લુલા ભારપૂર્વક કહે છે કે તેમની ફિલ્મ એ સ્ત્રી પ્રધાન ફિલ્મ છે. તે સૌથી પહેલાં એ વાત કરે છે કે હજારો વર્ષોથી દબાયેલી સ્ત્રીની આઝાદીની ભાવના હવે દબાયેલી સ્પ્રીંગની જેમ ઉછળવાની છે અને તેની પ્રારંભિક અભિવ્યક્તિ સ્વછંદતા જેવી હશે.




આજ ટીમ આની પૂર્વ ફિલ્મ તનુ વેડ્સ મનુમાં જણાવી ચૂકી છે કે અત્યાર સુધી લગ્ન બજારમાં પુરૂષો પસંદ કરતા હતા અને સ્ત્રી દીકરી અને ગાય દોરે ત્યાં જાયની જેમ દોરવાતી હતી. હવે સ્ત્રી પોતાના પસંદગી કરવાના અધિકારનો ઉપયોગ કરવા જરૂર પડે પોતાના દરવાજે બે જાનોને તેડાવશે!... અનેકાનેક ફરજોમાં જ્યાં દબાવી દેવાતી હોય ત્યાંથી ભાગીને એનઆરઆઈ થવાનું પસંદ કરશે.

તે પોતાની ફરજો કરતાં પોતાની અપેક્ષાઓનું વધુ ધ્યાન રાખશે અને એ પૂરી ન થાય તો પતિને પાગલ ઠરાવી પાગલખાનામાં મોકલતા અચકાશે નહીં.

પછી પોતે અતિરેક કર્યો છે એવો ખ્યાલ આવતાં એને છોડાવવાની જોગવાઈ કરશે પણ પોતાની કોઈ ભૂલ થઈ છે એવું માનવા તૈયાર નહીં થાય.

એટલું જ નહીં એક જમાનામાં (કેટલાક) પુરુષો કરતા હતા તેમ તૂં નહી તો ઓર સહીની નીતિ અજમાવતા તેવી પરિસ્થિતિમાં તે વિકલ્પોની તલાશ કરતાં નહીં અચકાય. આ બાબતમાં જેને પોતે એક વખત તરછોડ્યો હોય તેને પણ વિકલ્પ તરીકે ચકાસવામાં સંકોચ નહીં અનુભવે.

છેડતી કરનારાઓ સાથે કેમ પનારો પાડવો એ ભવિષ્યની ભારતીય સ્ત્રી સારી રીતે શીખી ચૂકી હશે. પતિથી અલગ રહેતી કે તેનાથી નારાજ સ્ત્રીને ચાલુ ગણીને તેને છેડનારની પણ બરાબરની ખબર લઈ લેશે.

એન.આર.આઈ થવા પછી પણ તેને પરંપરાથી જોડાયેલા રહેવાનું ગમશે. સ્ત્રીના વ્યક્તિત્વને વિકસવા ન દેતી પરંપરાઓને તે તોડી નાખશે પણ જ્યાં સુધી શક્ય હોય વડીલો અને સ્વજનોનું માન રાખી તેમની ચાહત મેળવવાનું તેને ગમશે.

જે કોઈ પુરુષ સાથે પોતાનું ન બનતું હોય તો તે પુરુષના જીવનમાં આવેલી બીજી સ્ત્રીને તે સહજતાથી સ્વીકારશે. તેને પોતાની હરીફ નહીં માને.

ભવિષ્યની સ્ત્રીના આટલા મુદ્દા લેખકે હિરોઈનના પાત્રના વ્યક્તિત્વને વિકસાવતા વણી લીધા છે.

# હાર્દિક અભિનંદન





**ચિ. ડિમ્પલ અનીલ ધરમશી - પુના**

**STD X** - C.B.S.E. Board માં **91.60%** સાથે

**ઉત્તીર્ણ થયા બદલ હાર્દિક અભિનંદન તથા તેમના ઉજ્જ્વલ ભવિષ્ય માટે હાર્દિક શુભેચ્છાઓ સાથે શુભાશીષ**

: દાદા - દાદી :

માતુશ્રી લક્ષ્મીબેન પ્રેમચંદ દામજી ધરમશી - સાંધણ-પુના

: નાના - નાની :

માતુશ્રી સુશીલા કાંતિલાલ લધાભાઈ મોમાયા - સાંયરા

મોટા મમ્મી-મોટા પપ્પા : અ.સૌ. દિપાબેન મનોજ ધરમશી

મમ્મી-પપ્પા : અ.સૌ. રાજેશ્રી અનીલ ધરમશી

લાડલી બહેનો : ચિ. રવીના, ચિ. કરીના, ચિ. હિના

*ચાલો નલિયા* શ્રી જય અંબાઈ માં *ચાલો નલિયા*

**શ્રી નલિયા નાગડા ગોત્રના શ્રી અંબાઈ માતાજીને નમતા ભાવિકોની સમૂહપહેડીનું આયોજન આ વર્ષે પણ કરેલ છે.**

**તા.: ૧૭/૦૭/૨૦૧૫**

- **સવારના** : ૯.૦૦ કલાકે નિમાલ તથા શુધ્ધીકરણ કરવામાં આવશે.
- **બપોર** : ૧૨.૩૯ કલાકે શ્રી નેમનાથ પ્રભુ તથા અંબિકાદેવી નું મહાપૂજન ભણાવવામાં આવશે.

વિધિકાર : કેવલભાઈ સાવલા

- **સાંજેઃ** નાગડા ગોત્ર જે ભાવરે જો મેળાવડો

**તા.: ૧૮/૦૭/૨૦૧૫**

- **સવારના** : ૮.૩૦ કલાકે શુભ મુહર્તે ભૂમિપૂજન
- ૧૦.૩૦ કલાકે પેડીનો કાર્યક્રમ
- ૧૨.૩૦ કલાકે પેડી પ્રસાદ

* સમૂહપહેડીમાં પધારનાર ભાઈઓ તથા બહેનોએ પૂજાના વસ્ત્ર સાથે લઈ આવવા.

* સમૂહ પહેડીમાં અંબાઈમાતાજીને નમતા ભાવિકોએ તથા નિયાણીઓએ લાભ લેવા વિનંતી.

**સંપર્ક :**

**મહેશ શામજી નાગડા** - 94286 84327
**મહેશ ખીમજી નાગડા** - 94287 49374
**જુગલ માણેકજી નાગડા** - 99780 02772
**ચેતન લહેરચંદ નાગડા** - 98201 05078

તો તેના ડબલ રોલ દ્વારા લેખક એવું દર્શાવવા ચાહે છે કે ખપ પંચાયતોના વિસ્તાર જેમાં અત્યારે સ્ત્રીની સ્થિતિ ગુલામડી જેવી છે, ત્યાંની સ્ત્રી પણ પોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ વિકસાવી ચૂકી હશે, એ માટે જરૂર પડશે તો તે મેટ્રો કલ્ચરવાળા વિસ્તારમાં વસવા જશે.

તેમાં છેડતી-પીછો કરનારને પડકારવાની હિંમત હશે તો એ બાબત સામેવાળાની રજૂઆત સાંભળવાની ખેલદિલી પણ હશે. તે પોતાના કારકિર્દીના લક્ષ્યને એટલી વફાદાર હશે કે મીઠડા સંબંધો પણ તેને કારકિર્દીમાં પીછેહટ કરાવે તેમ તે નહીં ઈચ્છે.

જેની સાથે લગ્ન સંબંધ બાંધીને તેને જીવનમાં વધુ મોકળાશ, વ્યક્તિત્વને વિકસાવવાની તક મળતી હોય તેવા મોટી વયના પુરુષ સાથે લગ્ન કરવામાં તે સંકોચ નહીં પામે.

ગમતો પુરુષ પણ સંબંધ અંગે અવઢવ કે સંકોચ અનુભવતો હશે તો તે ખેલદિલીપૂર્વક તેને તેની પસંદગી કરવાની છૂટ આપશે.

હીરોઈન બહેનપણી-બનેવીના સંબંધ નિમિત્તે લેખક દર્શાવે છે કે વધતા પ્રદુષણને કારણે વીર્યમાં શુક્રાણુ ઓછા હોવાથી વંધ્યત્વની સમસ્યા દરેક સામાજિક વર્તુળમાં જોવા મળશે. સ્ત્રીઓ સંતાન સુખ મેળવવા ડોનરનું વીર્ય સ્વીકારવામાં સંકોચ નહીં અનુભવે. આ બાબતમાં મરદ મુછાળાઓએ મર્દાનગીના પરંપરાગત ખ્યાલને છોડીને વાસ્તવિકતા સ્વીકારવી પડશે.

હીરોઈનની બહેનપણીની નણંદ જેના લગ્નની સંગીત સંધ્યામાં મોટો ડ્રામા થઈ તેનું અપહરણ થાય છે તેના દ્વારા લેખક દર્શાવે છે કે હિંમત વગરના પુરૂષોએ પોતાના સંબંધમાંની સ્ત્રીઓ પાસેથી હિંમત મેળવવી પડશે. વધુમાં મોહક વ્યક્તિત્વવાળા પુરુષોના કિસ્સાઓ સિવાય સ્ત્રીઓ સારું જીવન ધોરણ આપી શકનારાઓ માટે પ્રેમીઓને તરછોડતા અચકાશે નહીં. તેમણે નવી વાસ્તવિકતા સાથે તડજોડ કરવી પડશે.

અલબત્ત આનો અર્થ એમ નથી કે પુરુષો પોતાનું વર્ચસ્વ સહેલાઈથી ઢીલું થવા દેશે પણ એટલું નિશ્ચિત છે કે સ્ત્રીની મક્કમતા સામે તે અત્યારની જેમ લાંબો સંઘર્ષ નહીં કરે, કંઈને કંઈ વચ્ચેનો માર્ગ કાઢશે.

લેખક-ડાયરેક્ટર-પ્રોડ્યુસર જો કે ઈચ્છે છે કે ભારતીય સ્ત્રી ખરા અર્થમાં વિમુક્ત થાય, તેની સ્વતંત્રતા સ્વચ્છંદતા ન બને એટલે જ તો હીરોઈનનો ડબલ રોલ રાખીને સંતુલન સાધવામાં આવ્યું છે. સ્વચ્છંદતા જ્યારે ખરી સ્વતંત્રતા બનશે ત્યારે તે કેવી હશે એ હીરોઈનના દેખાવ સાથે સામ્ય ધરાવતી બીજી સ્ત્રી દ્વારા દર્શાવ્યું છે.

આવી ફિલ્મને માત્ર હાસ્ય ફિલ્મ તરીકે ન જોઈએ. આપણી આવતી કાલના આગોતરા દર્શનને આપણા સંબંધો ઉભડક થતા રોકવા માટેના અનુરોધ તરીકે જોઈએ તો જેમ આ ફિલ્મને બોક્સ ઓફિસ પર સફળતા મળી છે તેથી મોટી સફળતા મળી ગણાશે.

– ચંદ્રસેન મોમાયા




## કચ્છમાં જ્ઞાતિ ગૌરવનો ઝંડો ફરકાવતું શ્રી શાંતિજિન જાગૃતિ ગ્રુપ અને માતુશ્રી ભારતીબેન ભાગચંદભાઈ દામજી જૈન પરિવાર

માતુશ્રી ભારતીબેન ભાગચંદભાઈ દામજી જૈન પરિવાર તરફથી કોઠારા ગામે શ્રી શાંતિનાથ દાદાના સાનિધ્યમાં તા. ૧૧ થી ૧૩ જુને ભવ્ય ત્રિહાનિકા મહોત્સવનું આયોજન સુંદર રીતે સંપન્ન થયું. શ્રી શાંતિજિન જાગૃતિ ગ્રુપના તરવરીયા કાર્યકરો, જ્ઞાતિ આગેવાનો તેમજ સ્થાનિક આગેવાનોની ખૂબ જ જહેમતને કારણે મહોત્સવની શોભા ખૂબ જ વધી ગઈ.




શ્રી શાંતિજિન જાગૃતિ ગ્રુપ છેલ્લા દોઢેક દાયકાથી પ્રતિ વર્ષ એમના તરફથી યોજાતા સમુહ લગ્નોનું આયોજન માદરે વતન કચ્છમાં જ કરે છે. અને આ પરિવારે પણ આવું સરસ ધાર્મિક, સામાજિક આયોજન શ્રી કોઠારા ગામે યોજીને પોતાની વતન પ્રત્યેની વહાલપનું ઉત્કૃષ્ટ દૃષ્ટાંત પૂરૂં પાડ્યું છે ! તા. ૧૨/૬ના કોઠારામાં ધુઆ-બંધ સ્વામિવાત્સલ્ય કરાવીને તો પોતાના હૃદયની વિશાળતાનો પરિચય કરાવી દીધો. જૈન જૈનેતરો વાહ વાહ પોકારી ગયા આવી સાધર્મિક ભક્તિ તો કંઈ કેટલાય વર્ષો પછી થઈ હશે !!! તા. ૧૩-૬ના શ્રી શાંતિનાથ ભગવાનના અઢાર અભિષેક સાથોસાથ દૂર દરિયા કાંઠે હાલ વસતી રહિત રાણપુર ગામે બીરાજમાન ૨૪મા તીર્થંકર શ્રી મહાવીર સ્વામિના અઢાર અભિષેક સાજ-સંગીત સહ કરાવીને આ મહોત્સવને ચાર ચાંદ લગાડી દીધા ! પરિવારના ધાર્મિક સંસ્કારો અને હૃદયની વિશાળતા પર ઝુકી તો જવાય જને !!!

– વિરચંદ ચાંપશી શાહ (કોઠારા - મુલુંડ)

## આઝાદ નગરના રીડેપલેપમેન્ટને ફરીથી ચાલુ કરાવવામાં આપણા જ્ઞાતિજનોનો ફાળો

ઇ.સ. ૧૯૪૪ માં થયેલ ગોદી ધડાકામાં મુખ્યત્વે મસ્જીદબંદર વિસ્તારમાં રહેલી આપણી જ્ઞાતિને ઘણી જ હાની થયેલ. આપણા ખમીરવંતા વડીલોની દૂરંદેશીને લીધે મર્ચન્ટ રીલીફ કમીટી બનાવી લગભગ ૯૫/૧૦૦ જ્ઞાતિ પરિવારોને આઝાદનગર વડાલા તથા શાંતીનગર ચિંચપોકલી ખાતે વસાહતો ઉભી કરી તેમનુ જીવન થાળે પાડેલ. (૧૯૪૮માં) આઝાદનગર વડાલામાં લગભગ ૫૦/૫૨ કુટુંબ અને શાંતિનગરમાં બાકીના રહેવા આવેલ. આ વસાહતો ૬૦/૭૦ વર્ષ દરમ્યાન જીર્ણ અને રહેવા યોગ્ય ન રહેતા તેમનું રી-ડેવલપમેન્ટ ખૂબજ જરૂરી હતું.

આપણી જ્ઞાતિના રહેવાશી શ્રી ઉત્તમચંદ લક્ષ્મીચંદ લોડાયા (પ્રમુખ), શ્રી નવીન મુલજી લોડાયા (ખજાનચી) તથા શ્રી પ્રફુલ ધનજી લોડાયા તથા લહેરચંદ ઉમરશી નાગડા (સભ્ય) તથા અન્ય જ્ઞાતિજનો મળી, લગભગ ૧૦ વર્ષના અવિરત પ્રયાસોના લીધે આઝાદનગરનું રી-ડેવલપમેન્ટ ચાલુ થયુ છે. હાલમાં ૨૯ જ્ઞાતિના કુટુંબો વસવાટ કરે છે. દરેક ને 3 BHK 1075 Sq. Ft. Carpet Area (લગભગ 1500 sq. Ft. Super Builtup) ના ઘરો ૩-૧/૨ થી ૪ વર્ષમાં મળશે. અત્યારના બજાર ભાવ પ્રમાણે અંદાજીત કીમત ૫/૬ કરોડ રૂા. થાય છે.

શાંતિનગરમાં આપણી વસ્તી હવે ન જેવી રહી. જ્યાંનુ રી-ડેવલપમેન્ટ રાજકારણના આટાપાટમાં અટવાઈ ગયું છે. પ્રભુને પ્રાર્થના જે તેઓ પણ તેમના પ્રયત્નમાં સફળ થાય.

– પ્રતાપ મુલજી પીર – માટુંગા (નલીયા)

## નદી જેવા વિચારોને શબ્દરૂપી કિનારા આપવા બદલ પ્રકાશ સમીક્ષાનો આભાર

ખળખળાટ વેહતા નદીના પાણીનું સ્વરૂપ નદીના કિનારાઓથી કઈક ન્યારું થઈ જાય છે. અન્યથા એ નદીનું સ્વરૂપ કદરૂપું લાગે. તેવીજ રીતે મનમાં વેહામ વિચારોને સંપાદકીય કિનારો મળે તો એની રજુઆત ન્યારોજ પ્રભાવ છોડી જાય છે. પ્રકાશ સમીક્ષાના વાચકો પાસેથી પત્ર દ્વારા અથવા ફોન દ્વારા મારા વિચારોને હમેશા સુંદર પ્રતિસાદ મળ તો રહ્યો છે. વાચકો પાસેથી મળેલ આ દાદનું શ્રેય સ્વ. ચંપક જીવાણી તથા હવે શ્રી ચંદ્રસેન મોમાયા ને જાય છે. તેઓ મારા નદી જેવા વિચારોને કિનારામાં સીમીત કરવાનું કાર્ય ખૂબજ ખુબીથી કરતા રહ્યા છે. તે માટે આ બન્નેનો જાહેર આભાર માનું છું.

– હંસકુમાર રાયચંદ સાંયલા, સુથરી – હૈદરાવાદ

## ટૂંકમાં આવી રહી છે JIO જૈન ઈન્ટરનેશનલ ઑર્ગેનાઈઝેશનની સમસ્ત જૈનો માટેની શ્રાવક આરોગ્યમ-૩ મેડિકલેમ પોલીસી

JIO જૈન ઈન્ટરનેશનલ ઑર્ગેનાઈઝેશનની ૧ થી ૯૦ વર્ષના બધા જૈનો માટે હેલ્થ ચેકઅપની જરૂરત વગર મળતી 'શ્રાવક આરોગ્યમ-૩' મેડિકલ પોલીસીના જૂથ બનાવવાનું ટૂંકમાં જ શરૂ થશે. આ પોલીસીમાં મળતી કેશલેસ સેવા વખણાઈ છે અને સાથે હવે એકદમ ગંભીર સ્થિતિમાં હેલીકોપ્ટર એમ્બ્યુલન્સથી એરલીફ્ટ કરવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. માતા-પિતા, બે બાળકો તેમજ પોલીસી લેનારના માતા-પિતા અથવા સાસુ-સસરા એમ છ વ્યક્તિની રૂા. ૯૦૦૦ના પ્રીમીયમમાં આ જૂથને રૂા. ૫,૦૦,૦૦૦ નું મેડીક્લેઈમ વીમા છત્ર આપતી આ પોલીસી શ્રેષ્ઠ છે. આથી વધુ રકમની પોલીસી પણ મળે છે. મોબાઈલ નં. 08039275575 પર મીસ્ડ કોલ આપવાથી મોબાઈલ પર વિગતવાર માહિતી ઉપલબ્ધ કરાવાય છે.

## બેન જોઈએ છે

બેંગલોર સ્થિત ૩ સભ્યોના પરિવાર માટે, એક બેન જોઈએ છે. રસોઈ બનાવે અને ઘરના સભ્યની જેમ ઘરે રહી, ઘર સંભાળી શકે.

સંપર્ક : 99809 48126 / 93222 83633

## લગ્નસંબંધી

પોતાનો સ્વતંત્ર ધંધો ધરાવતા મુંબઈમાં રહેતા ધરમશી પરિવારના ઉ.વ. ૨૭, ઉંચાઈ ૫.૧૦, વજન ૬૨ કિલો યુવક માટે સુશીલ સંસ્કારી કન્યાના વડીલો સંપર્ક કરે. (મંગળ છે.) મો.: 093207 26092

## CA કમલેશ શિવજી વિકમશી

### IMF ની ઓડીટ કમિટીના સભ્યો નીમાયા



જ્ઞાતિની જુની અને જાણીતી સી.એ. ફર્મ ખીમજી કુંવરજી એન્ડ કાં. ના વરીષ્ઠ પાર્ટનર કમલેશ શિવજી વિકમશી બીજા વિશ્વ યુદ્ધ પછી યુરોપ, અમેરીકાના પુનહ વિકાસ માટે વિશેષ યોગદાન આપનાર અને અત્યારે વિકાસશીલ દેશોમાં વિકાસકાર્ય પ્રેરનાર ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ IMF ની એકસર્ટનલ ઓડીટ કમિટી ના સભ્ય પદે નિમાયા છે.

તેઓ સંયુક્ત રાષ્ટ્ર સંઘ (યુનો)ના વિકાસ કાર્ય માટેના પોગ્રામની ઑડીટ એડવાયઝરી કમિટીના સભ્ય છે. તેઓ આગાઉ ઈનસ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ અકાઉન્ટટ ઓફ ઈંડીયા તથા કોન ફેડરેશન એશીયન એન્ડ પેસીફીક એકાઉન્ટન્ટસના પ્રેસીડેન્ટ તરીકે સેવા આપી છે. તેઓ ઘણી કંપનીઓમાં ઉચ્ચ પદે બિરાજે છે. તેમને ભારત સરકારની ઘણી સલાહકાર સમિતીમાં પણ સેવા આપી છે.

## CA નિલેશ શિવજી વિકમશી

### ફેડરલ બેંકના ચેરમેન નિમાયા



જ્ઞાતિની જુની અને જાણીતી સી.એ. ફર્મ ખીમજી કુંવરજી એન્ડ કાં. ના વરીષ્ઠ પાર્ટનર નિલેશ શિવજી વિકમશી ફેડરલ બેંકના ચેરમેન નિમાયા છે. આ ઉપરાંત તેઓ એસ.બી.આય લાઈફ ઈન્શુરન્સ લીમીટેડ, નવનીત એજ્યુકેશન લિ., આઈ.આઈ.એફ.એલ. કંપનીના હોલ્ડીંગ્સ લીમીટેડ - વેલ્થ મેનેજમેન્ટ - રીયાલીટી આદી વિભાગો સાથે જોડાયા છે.

તેઓ ઈનસ્ટીટ્યુટ ઓફ ચાર્ટર્ડ અકાઉન્ટટ ઓફ ઈંડીયાની વરીષ્ઠ સંસ્થા સેન્ટ્રલ કાઉન્શીલના સભ્ય છે અને તેની વહીવટી તથા નાણાકીય સમિતીના સભ્યો હોવા ઉપરાંત સરકારની ઘણી સલાહકાર સમિતીના સભ્ય છે.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676


### અહિંસકનું બિરૂદ ધરાવતા આપણે જૈનો સાચી રીતે ખરેખર અહિંસક છીએ ?

બજારૂ ચીજ ખાઈને જાણતાં અજાણતાં આપણે હિંસક બનીએ છીએ. કારણ કે બજારના ખાદ્યપદાર્થો તથા રવો-મેંદો-લોટ-બેસન જો વાપરીએ તો સાથે સાથે ઘનેડાનાં કલેવરોને ટેસ્ટથી આરોગીએ છીએ. બહારના લોટ આદિમાં કાળ (સમય) સચવાતો નથી, અનાજ વીણ્યા વગર દળાય છે. મીઠાઈ-અથાણાં-વાસી ખોરાક વગેરેમાં ફુગ થઈ હોય અને પ્રમાદ-સ્વાર્થ-અજ્ઞાનતાથી ભક્ષણ કરતા હોઈએ તો ચેતવા જેવું છે.

સંઘના સ્થાનોમાં કે અન્ય સ્થાનોમાં થતા ધાર્મિક પ્રસંગોના જમણવારમાં તો બંધુ જ ભક્ષ્ય જ હોય, તેમ માની લેવાય છે, પણ હકીકત એવી નથી. એમાં ય કેટર્સને સોંપાઈ જતા જમણવારોમાં તો ઘણી ચીજો પ્રાયઃ અભક્ષ્ય હોય છે, કઈ ચીજો કઈ રીતે અભક્ષ્ય હોવાની સંભાવના છે. તેનું ટૂંકું લીસ્ટ અત્રે આપ્યું છે.

**પૂરી, રોટલી, પરોટા :** તૈયાર લોટ, મેંદો, રવો, **શાક :** તૈયાર ફોલેલા ગ્રીન વટાણા, પાપડી, વટાણા, તુવેર, ભીંડા જેવા શાક કે જેમાં ઘણી ઈયળો હોય, પનીર જે વાસી હોય, તૈયાર હોય. **કઠોળ :** રાત્રે પલાળેલું હોય. ગટ્ટા વગેરે **દહીંવાળા શાક, કઢી :** દહીં પૂરતું ગરમ કરવામાં ન આવ્યું હોય. **રાયતું, દહીવડાં, દહીપુરી, ખાસ્તા કચોરી વગેરે ફરસાણ :** તૈયાર બેસન, તૈયાર (લસણ યુક્ત) ગરમ મસાલો. **કટલેસ :** તૈયાર રવો, **સમોસા, કચોરી, પીઝા :** મેંદાની તૈયાર વાસી પટ્ટી. **ઢોકળા, ઈડલી, ઉત્તપા :** રાત્રે નાખેલો આથો, **બંગાલી મીઠાઈ :** બજારની વાસી હોય, તૈયાર વાસી પનીર. **બાસુંદી, રબડી :** બજારની તૈયાર વાસી હોય. **જલેબી :** આથો રાત્રે નાખ્યો હોય. **શ્રીખંડ :** બજારનો તૈયાર વાસી, રાત્રે દહીમાં સાકર નાંખી હોય તો દ્વિદળ થાય. **બુંદી લાડુ :** કાચી ચાસણીના વાસી હોય. **સાટા (દેવડા/ગલેફા) :** તૈયાર મેંદો. **બરફી, પેંડા, મોહનથાળ :** તૈયાર વાસી માવો. **ચુરમાના લાડુ, બરફી ચુરમું :** શેક્યા વગરનું ચુરમું. **કાજુ કતરી, કલાકંદ, ગુલાબ જાંબુ :** તૈયાર વાસી માવો, તૈયાર લોટ. **ચટણી :** પાલક. **કઢી, દાળ, ચટણી, ફરસાણ :** ફાગણ મહિના કોથમીર, **પાણીપુરી :** રવો, **કેરીનો રસ :** વાસી કાચું દૂધ.

**જો ઉપરોક્ત ચીજોમાં પૂરતો વિવેક રખાતો હોય, તો ધાર્મિક પ્રસંગોમાં જમાય !**

- 'કલ્યાણ'માંથી સાભાર


**સરગમ વોટર પાર્ક - પ્યોર વેજ જૈન ફૂડ**

**પ્રતિ વ્યક્તિ રૂા. ૬૫૦**

ટાઈમ સવારે ૯ થી સાંજે ૬, સવારે નાસ્તો, બપોરે લંચ, સાંજે ડીનર, ૩.૩૦ થી ૪.૩૦ ચા-કોફી - આઈસ ગોલા, ૩ સ્વીમીંગ પુલ, ૮ સ્લાઈડ, ડી.જે., રેઈન ડાન્સ, MPWS બેસવા માટે નાના મોટા હોલ, ૬૦૦૦ સ્કે. ફીટનો સ્ટેજ સાથેનો હોલ ખુરશી સાથે. લોકર, ખાટલા, એ.સી. રૂમ ભાડાથી. ગ્રુપ માટે ડીસ્કાઉંટ. કામણ જૈન મંદિરથી ૩ કિ.મી., ભજનલાલ ડેરીથી ૯ કિ.મી., દહીંસરથી ૨૧ કિ.મી., ભિવંડીથી ૧૪ કિ.મી. વિલેજ નાગલે, ચિંચોટી કામણ ભિવંડી રોડ, ઓનલી જેન્ટસ ગ્રુપ નોટ અલાઉડ.

સંપર્ક : 9324304333 રમેશ માણેક ગાલા (ગઢશીશા).

Website : www.sargamwaterpark.com

## ધર્મપ્રકાશ : જૈન ધર્મના આગામી ઐતિહાસિક અવસરો

❶ **વિ.સં. ૨૦૭૯, તારંગા તીર્થ નૂતન પ્રતિષ્ઠાને ૬૦૦ વર્ષ પૂર્ણ થશે :** વિ.સં. ૧૨૨૧માં પરમાર્હત્ કુમારપાળ મહારાજાએ તારંગામાં વિશાળ જિનાલય બનાવી કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજાના વરદ હસ્તે પરમાત્મા શ્રી અજિતનાથની પ્રતિષ્ઠા કરી. અલ્લાઉદ્દીન ખીલજીના સમયમાં પરમાત્મામું જિબબિંબ ખંડિત થયું. ત્યાર બાદ ઈડરના ગોવિંદ શ્રેષ્ઠીએ વિ. સં. ૧૪૭૯ માં તપાગચ્છાધિપતિ સોમસુંદરસૂરીશ્વરજી મહારાજાના વરદ્ હસ્તે નૂતન જિનબિંબની પ્રતિષ્ઠા કરી, તે પ્રસંગને વિ.સં. ૨૦૭૯ માં ૬૦૦ વર્ષ પૂર્ણ થશે.

❷ **વિ.સં. ૨૦૮૫, તપાગચ્છની ૮૦૦ મી વર્ષગાઠ :** વિ.સં. ૧૨૮૫માં મેવાડના રાણાએ પરમાત્મા વીરની પરંપરામાં ૪૪ મી પાટે બિરાજમાન વડગચ્છીય પૂ. આ. શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી મહારાજાને 'તપા' નું બિરૂદ આપ્યું ત્યારથી પરમાત્માના શાસનને વહન કરતા વડગચ્છનું નામકરણ 'તપાગચ્છ' થયું, જે આજ દિન સુધી યથાવત્ ચાલી રહ્યું છે. વિ.સં. ૨૦૮૫માં એ ઘટના પણ ૮૦૦ વર્ષ પૂર્ણ કરી નવમી શતાબ્દીમાં પ્રવેશ કરશે.

❸ **વિ.સં. ૨૦૮૭, વૈશાખ વદ ૬, શત્રુંજયાધિપતિ શ્રી આદિનાથ દાદાની પ્રતિષ્ઠાની ૫૦૦ મી વર્ષગાઠ :** વિ.સં. ૧૫૮૭, વૈશાખ વદ ૬ ના શુભ દિને પૂજ્યપાદ વિદ્યામંડનસૂરીશ્વરજી મહારાજાના વરદ હસ્તે ૧૬ મા ઉદ્ધાર સાથે શેઠ કર્માશાએ પરમાત્મા શ્રી આદિનાથ દાદાની પ્રતિષ્ઠા કરી એ પાવન ઘટના વિ.સં. ૨૦૮૭ માં ૫૦૦ વર્ષ પૂર્ણ થશે.

❹ **વિ.સં. ૨૦૮૭, ફાગણ વદ ૩, આબુ તીર્થે લુણિગવસહી જિનાલયની ૮૦૦ મી વર્ષગાઠ :** વિ.સં. ૧૨૮૭ માં વસ્તુપાલ તેજપાલે નાગેન્દ્રગચ્છીય પૂજ્યપાદ વિજયસેનસૂરીશ્વરજી મહારાજાના વરદ્ હસ્તે બંધુ 'લુણિગ'ની સ્મૃતિમાં લુણિગવસહી જિનાલયને વિ.સં. ૨૦૮૭, ફાગણ વદ ૩ ના દિને ૮૦૦ વર્ષ પૂર્ણ થશે.

❺ **વિ.સં. ૨૦૮૭, શેઠ આણંદજી કલ્યાણજી પેઢીને ૩૦૦ વર્ષ પૂર્ણ થશે :** શેઠ આણંદજી કલ્યાણજી પેઢીનો ઈતિહાસ ભાગ ૧ ગ્રંથના ઉલ્લેખ મુજબ શેઠ આ. ક. પેઢીના દસ્તાવેજો અનુસાર પેઢીનો સૌથી જૂનો પુરાવો વિ.સં. ૧૭૮૭ નો પાલીતાણાના ચોપડામાંથી પ્રાપ્ત થાય છે. એ આધારે વિ.સં. ૨૦૮૭ માં શેઠ આ.ક. પેઢી શત્રુંજયની ૫૦૦ મી વર્ષગાઠ સાથે ૩૦૦ વર્ષ પૂર્ણ કરી ચોથી શતાબ્દીમાં પ્રવેશશે.

❻ **વિ.સં. ૨૦૮૮, આબુ તીર્થે વિમલવસહી જિનાલયની ૧૦૦૦ મી વર્ષગાઠ :** પાટણના વિમલમંત્રીએ સ્વ દુષ્કૃત્યોના પ્રાયશ્ચિત અર્થે આબુ પર્વત ઉપર વિ.સં. ૧૦૮૮ માં પૂજ્યપાદ ધર્મઘોષસૂરિજી મહારાજા આદિ અનેક આચાર્ય ભગવંતોના વરદ્ હસ્તે ૧૮ કરોડ ૫૩ લાખ ખર્ચી પરમાત્મા આદિનાથનું અદ્ભૂત કળામય, મનોહર જિનાલય બનાવ્યું હતું. એ પાવન ઐતિહાસિક ઘટનાને વિ.સં. ૨૦૮૮ માં ૧૦૦૦ વર્ષ પૂર્ણ થઈ. મહદ્અંશે એના મૂળ સ્વરૂપે સચવાયેલું પ્રાયઃ આ એક જ જિનાલય આજે આપણી નજર સામે વિદ્યમાન છે, જે ૧૦૦૦ વર્ષ પૂર્ણ કરી દ્વિતીય સહસ્ત્રાબ્દીમાં પ્રવેશી રહ્યું હોય.

❼ **વિ.સં. ૨૦૯૬, ફાગણ વદ ૫, રાણકપુરની ૬૦૦ મી વર્ષગાઠ :** મેવાડના રાણા કુંભાના મંત્રી ધરણાશા પોરવાળે ૯૯ ક્રોડ સોનૈયાના સદ્વ્યયથી નિર્માયેલ નલિનીગુલ્મ વિમાનના જિનપ્રસાદ જેવા ભવ્ય જિનાલયમાં વિ.સં. ૧૪૯૫, ફાગણ વદ ૫ ના શુભ દિવસે તપાગચ્છાધિપતિ પૂજ્યપાદ સોમસુંદરસૂરિજી મહારાજાના વરદ્ હસ્તે પરમાત્મા આદિનાથના ચૌમુખ બિંબની પ્રતિષ્ઠા કરાવી હતી એ પાવન ઘટનાએ વિ.સં. ૨૦૯૬ માં ૬૦૦ વર્ષ પૂર્ણ થશે.

❽ **વિ.સં. ૨૦૯૬, મહામાત્ય વસ્તુપાલના સ્વર્ગવાસને ૮૦૦ વર્ષ પૂર્ણ થશે :** વિ.સં. ૧૨૭૯ થી ગુજરાતના મંત્રીપદે સ્થાપન થનાર મહામંત્રી વસ્તુપાલના શાસન પ્રભાવક કાર્યોથી શતાબ્દીનું અંતિમ ચરણ ગાજી ઉઠ્યું હતું. તેમણે કરેલા તમામ તીર્થોદ્ધારના પ્રસંગોને વિક્રમની એકવીસમી સદીના અંતિમ ચરણે ૮૦૦ વર્ષ પૂર્ણ થશે. મહામાત્ય વસ્તુપાલની સ્વર્ગતિથિ અંગે મતાંતર છે. અન્ય મત મુજબ વિ.સં. ૧૨૯૬, મહા સુદ ૫, રવિવારે તેમનો સ્વર્ગવાસ થયો હતો.

❾ **વિ.સં. ૨૦૯૩, કલિકાલસર્વજ્ઞ રચિત શ્રી સિદ્ધહેમ વ્યાકરણની રચનાને ૯૦૦ વર્ષ પૂર્ણ થશે :** કલિકાલસર્વજ્ઞ રચિત શ્રી સિદ્ધહેમ વ્યાકરણ રચનાનો સમય વિ.સં. ૧૧૯૩ થી વિ.સં. ૧૧૯૫ નો મનાય છે. એ ઘટનાને વિ.સં. ૨૦૯૩માં ૯૦૦ વર્ષ થશે.

❿ **વિ.સ. ૨૦૯૩ માં શેઠ મોતીશાની ટૂંકને ૨૦૦ વર્ષ પૂર્ણ થશે :** શેઠ મોતીશાની ટૂક, પાલીતાણાની પ્રતિષ્ઠા વિ.સં. ૧૮૯૩ માં થઈ હતી, એ પાવન ઘટનાને વિ.સં. ૨૦૯૩ માં ૨૦૦ વર્ષ પૂર્ણ થશે.

– 'કલ્યાણ'માંથી સાભાર

શુભેચ્છાઓ સહ...
સાંધવ રત્ન
શ્રી મુલજી રાઘવજી લોડાયા
MRL Group of Companies

શુભેચ્છાસહ Laxmichand Dharshi Mota
MOTA SHIPPING AGENCY
C.H.A.No. 11-0404
રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની
સંપર્ક : 08879677709

# શ્રી ભલારા દાદા ટ્રસ્ટ લાલપુર


**પોરબંદર જામનગર રોડ, લાલપુર, જી.જામનગર - ૩૬૧ ૧૭૦. ફોન : ૦૨૮૯૫ - ૨૭૩૩૪૮.**

Trust Reg.No.: 1039 The Bombay Public Trust Act 1950


## શ્રી ભલારાદાદા સંકુલ, લાલપુર : જ્ઞાતિનું ગૌરવશાળી સ્થાનક

લાલપુર સ્થાનકે જેનું બહુ જલ્દી ઉદ્‌ઘાટન થવાનું છે તેવા અદ્યતન કોમ્પ્લેક્સના નિર્માણમાં સહભાગી થવા શ્રી ભલારાદાદાના ભાવિકોને સાદર નિમંત્રણ.

**લાલપુર સ્થિત શ્રી ભલારાદાદાના અદ્યતન કોમ્પ્લેક્સની વિશિષ્ટતાઓ :**

- તમામ મોર્ડન એમિનિટીઝ સાથેના લકઝરિયસ સાઇઝના (આઠ) 1 BHK તથા (આઠ) 2 BHK ફ્લેટ્સ, વિશાળ લોબી અને બાલ્કની સાથે
- ઉચ્ચકક્ષાનું ફ્લોરિંગ, ફિનિશિંગ, પડદાઓ, એટેચ્ડ ટોઇલેટસ/બાથરૂમ બ્લોકસવાળા ૨,૫૦૦ ચોરસ ફૂટના વિશાળ લોબી સાથેના બે વિવિધલક્ષી હોલ
- ગ્રાઉન્ડ ફ્લોરમાં બહેનો માટે ઉચ્ચકક્ષાના લેટેસ્ટ વોશ બેસીન, બાથરૂમ, ટોઇલેટસ તથા કપડા બદલવાની જગ્યા
- પહેલા માળે પુરૂષો માટે ઉચ્ચકક્ષાના લેટેસ્ટ વોશ બેસીન, બાથરૂમ, ટોઇલેટસ તથા યુરિનલ
- ઉપરાંત રમતગમતનાં સાધનો, નિરાંતે બેસવા માટે બેન્ચીસ, આકર્ષક લાઇટિંગ સાથેનું વિશાળ નયનરમ્ય ગાર્ડન અને પાર્કિંગની વિશાળ જગ્યાની જોગવાઇ

કોમ્પ્લેક્સના નિર્માણ કાર્યમાં સહભાગી થઇને નીચે મુજબના લાભ મેળવી શકાશે.

| ડ્રો કૂપન (એકત્રીસ) | લાભ |
|---|---|
| પ્રથમ લકી ડ્રો (એક) | ● રૂપિયા ૩૦,૦૦૦ (હપ્તે-હપ્તે) ભરીને કોમ્પ્લેક્સના મુખ્ય ગેટ ઉપર કાયમી ધોરણે નામ |
| અન્ય લકી ડ્રો (ત્રીસ) | ● કોમ્પ્લેક્સમાં યોગ્ય સ્થળે કાયમી ધોરણે ગ્રેનાઇટમાં નામની તકતી |
| | ● ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલે માળે હોલનાં દાતાશ્રી |
| | ● અતિથિગૃહ તેમજ વિવિધલક્ષી હોલનાં ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલે માળે લોબી વિંગના દાતાશ્રી |
| | ● 1 BHK ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલે માળે ચાર ફ્લેટના દાતાશ્રી |
| | ● 2 BHK ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલે માળે ચાર ફ્લેટના દાતાશ્રી |

યોજનાઓ વિશેની વિગતવાર જાણકારી મેળવવા ઇચ્છુક જ્ઞાતિજનોએ નીચેના સરનામે સંપર્ક સાધવા વિનંતી છે.

**યુ. એમ. ખોના એન્ડ કંપની**

૧૦૧૧, યુનિર્વસલ મેજેસ્ટિક, ઘાટકોપર-માનખુર્દ લીંક રોડની સામે, ચેમ્બુર (વેસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૮૮ .

**જોય ગ્રુપ**

મિસ દક્ષિતા, ટેલિ નં: - ૦૨૨-૬૭૦૦ ૩૮૮૮

**ગુર્જરમાત**

એ-૧૮, મોનાની સદન, ભારત બેંકની સામે, જે.એન.રોડ, મુલુંડ (વેસ્ટ). ફોન : ૦૨૨-૩૨૯૯૪૪૩૪

# મુલુંડમાં ૩૧-૦૩-૨૦૧૪ના યોજાયેલ શ્રી ભલારાદાદાની સમુહ પહેડીનો અહેવાલ અને દાતાશ્રીઓની નામાવલી

## શ્રી ભલારાદાદાની પહેડીની ભાવપૂર્ણ ઉજવણી, ભાવ-ભક્તિ સંગ વહી દાનસરવાણી...

આપણી જ્ઞાતિના આદ્યદેવ એટલે લાલપુર સ્થાનકે બિરાજમાન શ્રી ભલારાદાદા. શ્રી ભલારાદાદા ટ્રસ્ટના નેજા હેઠળ મુંબઈમાં દાદાની પહેડી યોજવાનો રિવાજ વરસોથી અમલમાં છે. પહેડીમાં દર વરસે સ્થાનિક અને દેશ-દેશાવરના અસંખ્ય જ્ઞાતિજનો ભક્તિના રંગેરંગાઇને દાદાના આશીર્વાદ લેવા આવે છે. આવી જ એક અનન્ય સમુહ પહેડી મુલુંડમાં સોમવાર, ૩૧ માર્ચ ૨૦૧૪ એટલે કે ગુડી પડવાના દિવસે પ. પૂ. યતિવર્યશ્રી મોતીસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં યોજાઇ હતી. સ્થળ હતું કાલિદાસ કોમ્પ્લેક્સનું ઑપન ગ્રાઉન્ડ. અતિ ઉલ્લાસભર્યા વાતાવરણમાં સંપન્ન થયેલી આ સમુહ પહેડી દાદા પ્રત્યેના આપણા ભાવ અને સમર્પણનું ઝળહળતું દષ્ટાંત સાબિત થઇ હતી. શ્રી ભલારાદાદા ટ્રસ્ટે યોજેલી આ ભવ્ય સમુહ પહેડીમાં રેકોર્ડ બ્રેક૫, ૫૪૦૦ જેટલા જ્ઞાતિજનોએ હાજરી આપી હતી.

શ્રી અખિલ ભારત જૈન સંઘના પ્રમુખ અને અધિકારીઓ, મુંબઇ મહાજનના પ્રમુખશ્રી અને પદાધિકારીઓ, શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, અરિહંત બેન્કના ડિરેક્ટર્સ, સર્વોદય મંડળના પ્રમુખ અને કાર્યકર્તાઓ, અન્ય પ્રતિષ્ઠિત સંસ્થાઓના અધિકારીઓ અને કાર્યકર્તાઓ સહિત દાતાઓ અને જ્ઞાતિજનોએ પણ સમુહ પહેડીમાં મોટી સંખ્યામાં હાજરી આપી હતી. શ્રી ભલારાદાદા ટ્રસ્ટના ટ્રસ્ટીઓની વિનંતીથી દિનેશભાઇ ભુવા અને ભવાનજીભાઇ લોડાયાએ સમુહ પહેડીનાં વિધિવિધાનો ભાવપૂર્ણ રીતે કરાવ્યાં હતાં. આગવી પ્રતિભા અને અદ્‌ભુત વાક્છટા ધરાવતા ઉત્તમભાઇ છેડાએ સંચાલનથી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. તેમણે લાલપુર સ્થાનકે નિર્માણ પામી રહેલા નવા અદ્યતન કોમ્પ્લેક્સ/અતિથિગૃહની વિગતવાર રૂપરેખા અને વિવિધદાન યોજનાઓની જાહેરાત કરી હતી. તેમના જ આગવા પ્રભાવથી ઉપસ્થિત જ્ઞાતિજનોએ સમુહ પહેડી દરમિયાન દાનની વર્ષા કરી હતી.

વરસોથી શ્રી ભલારાદાદા ટ્રસ્ટ જ્ઞાતિજનોની સેવામાં કાર્યરત છે. એમાં પણ આ કામ્પ્લેક્સ સર્જીને તો ટ્રસ્ટે શ્રી ભલારાદાદાની કૃપા પણ મેળવી છે અને જ્ઞાતિને દરેક સમાજમાં આદર મળે તેવા ઉજળા સંજોગો સર્જ્યા છે.

સોનામાં સુગંધ જેવી વાત એ છે કે આ કોમ્પ્લેક્સ માટે દાતાઓની અનુકૂળતા સાથે મેળ ખાય તેવી એક એકથી ચડિયાતી અને પ્રશંસનીય દાન યોજનાઓ પણ ટ્રસ્ટીઓએ રજૂ કરી છે. કદાચ તવારીખમાં પહેલીવાર એવું થયું છે કે આવી યોજનાઓને કારણે શ્રીમંતો કે સંપન્નો તો ઠીક, સાવ અદના માનવીને પણ દાતા બનવાનો લાભ મળ્યો છે. સમુહ પહેડી દરમિયાન વ્યવસ્થા માટે નિમાયેલી કમિટીના સભ્યો અને સર્વોદય મંડળના કાર્યકર્તાઓએ ખાસ્સી જહેમત ઉઠાવીને ઉપસ્થિત જ્ઞાતિજનોને દાન યોજનાઓ વિશે માહિતગાર કરી, ફોર્મ ભરાવીને સૌને દાન યોજનામાં જોડાવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

### ૩૧-૩-૨૦૧૪ની સમુહ પહેડીના લાભાર્થી પરિવારો આ મુજબ હતા.

| | |
|---|---|
| શેઠશ્રી લક્ષ્મીચંદ ધારસી મોતા (લાખણીયા-વડાલા) | શેઠશ્રી કિરીટભાઇ લક્ષ્મીચંદ લાપસીયા (રવા-ચેમ્બુર) |
| શેઠશ્રી જયંતભાઇ ભવાનજી સોની (સુથરી-જુહુ) | શેઠશ્રી નરશી જેઠાભાઇ દંડ (વરાડીયા-મલકાપુર) |
| શેઠશ્રી શામજી નરશી દંડ (સાંધવ-મુલુંડ) | માતુશ્રી લાખબાઇ આણંદજી લોડાયા (બાંઢિયા-નાસિક) હસ્તે : હર્રક |
| માતુશ્રી ઝવેરબહેન પદમશી લોડાયા (સાંયરા-માટુંગા) | માતુશ્રી રતનબહેન ભવાનજી લોડાયા (મોટી સિંધોડી-ડોંબિવલી) |
| શા. નિર્મલાબહેન શશિકાંત મૈશેરી (માંડવી-ડોંબિવલી) | શા. ચંપાબહેન ધનજી મૈશેરી (સાંધાણ-ડોંબિવલી) |
| માતુશ્રી કાન્તાબહેન ગોવિંદજી અજાણી (કોઠારા-ઘાટકોપર) | માતુશ્રી વિજયાબહેન ટોકરશી નાગડા (લાલા-ઘાટકોપર) |
| એક સદગૃહસ્થ | |

**શ્રી ભલારાદાદા સંકુલના નિર્માણમાં આર્થિક યોગદાન આપનારા દાતાઓ આ મુજબ છે.**

એક સાથે ૧,૨૫,૦૦૦ રૂપિયા (પાંચ કુપન) અનુદાન આપી અને તે રૂપિયા કાયમી ફંડ તરીકે જમા કરાવનાર દાતા પરિવારો

**શ્રી પદમશીભાઈ લઘુભાઇ સોની (સુથરી-જુહુ)**

**શ્રી ભવાનજી હરશીભાઇ લોડાયા (રાપરગઢવાળી-મુલુંડ)**

**શ્રી પ્રવીણભાઈ કુંવરજી લોડાયા (મોટી ખાવડી-કાંદીવલી)**

**માતુશ્રી લક્ષ્મીબેન ઝવેરચંદ ધરમશી (કોઠારા-બીજાપુર)**

**એક સાથે ૧,૨૫,૦૦૦ રૂપિયા (એક કુપન) વગર વ્યાજે ૩૬ મહિના માટે જમા કરાવનાર દાતા પરિવારો**

| નામ | કુપન સંખ્યા | રકમ (રૂપિયા) |
|---|---|---|
| શ્રી મણીકાંતભાઇ હિરજી ધુલ્લા (જખૌ-મુલુંડ) | ૫ નામ | ૬,૨૫,૦૦૦ |
| માતુશ્રી પ્રેમીલાબેન મેઘજી મોતા (વારાપધર-મુલુંડ) | ૧ નામ | ૧,૨૫,૦૦૦ |
| પ.પૂ. યતિવર્ય શ્રી મોતીસાગરજી મ.સા. (ભુજપુર-મસ્જીદ બંદર) | ૧ નામ | ૧,૨૫,૦૦૦ |
| માતુશ્રી ભચીબાઇ હરશી લોડાયા (રાપરગઢ-મુલુંડ) | ૧ નામ | ૧,૨૫,૦૦૦ |
| શ્રી ઝવેરચંદ ટોકરશી લોડાયા (વારાપધર-ડોંબીવલી) | ૧ નામ | ૧,૨૫,૦૦૦ |
| શ્રી કીરીટભાઇ લક્ષ્મીચંદ લાપસીયા (રવા-ચેંબુર) | ૧ નામ | ૧,૨૫,૦૦૦ |
| શ્રી જીવરાજભાઇ ગોવિંદજી લોડાયા (મોટીખાવડી-થાણા) | ૧ નામ | ૧,૨૫,૦૦૦ |
| માતુશ્રી દમંયતીબહેન શામજી શિઆલ (જખૌ-મુલુંડ) | ૧ નામ | ૧,૨૫,૦૦૦ |
| શ્રી લક્ષ્મીચંદભાઇ શામજી મૈશેરી (દેવલાલી) | ૧ નામ | ૧,૨૫,૦૦૦ |
| માતુશ્રી લીલબાઇ કરમશી લોડાયા (મોટીખાવડી-થાણા) | ૧ નામ | ૧,૨૫,૦૦૦ |
| ભુવા શ્રી દીનેશભાઇ વિશનજી દંડ (સાંધવ-ભાંડુપ) | ૧ નામ | ૧,૨૫,૦૦૦ |

**તબક્કાવાર માસિક યોજના (દર મહિને એક હજાર રૂપિયા ત્રીસ મહિના સુધી)માં ફંડ આપનાર દાતા પરિવારો**

| નામ | કુપન સંખ્યા | રકમ (રૂપિયા) |
|---|---|---|
| માતુશ્રી તારાબેન માણેકજી મોતા (રાપરગઢવાળી) હસ્તે કલ્પેશભાઈ મોતા | ૫૧ | ૧૫,૩૦,૦૦૦ |
| માતુશ્રી રાજબાઇ લક્ષ્મીચંદ ધારશી મોતા (લાખણીયા-વડાલા) | ૧૧ | ૩,૩૦,૦૦૦ |
| માતુશ્રી ઝવેરબહેન ધનજી ધરમશી (સુથરી-જુહુ) | ૧૧ | ૩,૩૦,૦૦૦ |
| શ્રી જયંત ભવાનજી સોની (સુથરી-જુહુ) | ૧૧ | ૩,૩૦,૦૦૦ |
| શ્રી ભુપેન્દ્ર મુલજી દંડ (ઐરોલી) | ૧૧ | ૩,૩૦,૦૦૦ |
| શ્રી અશોક કલ્યાણજી ભેદા (મુલુંડ) હસ્તે નયન ભેદા | ૧૧ | ૩,૩૦,૦૦૦ |
| શ્રી હિરાચંદ અરજણ પટેલ (બાંઢીયા-ઐરોલી) | ૭ | ૨,૧૦,૦૦૦ |
| માતુશ્રી લક્ષ્મીબાઇ વિશનજી હિરજી છેડા (નલિયા-મુલુંડ) | ૫ | ૧,૫૦,૦૦૦ |
| શ્રી વીરચંદ નરશી સોની (સુથરી-જુહુ) | ૫ | ૧,૫૦,૦૦૦ |
| માતુશ્રી પ્રભાબહેન ઝવેરચંદ મોમાયા (ડુમરા-મુલુંડ) | ૫ | ૧,૫૦,૦૦૦ |
| શ્રી નારાણજી લાલજી ખોના (સાંધવ-મુલુંડ) | ૪ | ૧,૨૦,૦૦૦ |
| માતુશ્રી રતનબેન કાંતીલાલ મોતા (રાયધણજર-મુલુંડ) | ૪ | ૧,૨૦,૦૦૦ |
| શ્રીમતી પુષ્પા પદમશી સાયલા (તેરા-મુલુંડ) | ૪ | ૧,૨૦,૦૦૦ |
| માતુશ્રી મીઠીબાઈ સોમચંદ દંડ (સાંધવ-ઘાટકોપર) | ૩ | ૯૦,૦૦૦ |
| માતુશ્રી મીઠીબાઇ રાયમલ મોમાયા (રાપરગઢવાળી-સુથરી) | ૩ | ૯૦,૦૦૦ |
| શ્રી પારસ પદમશી મૈશેરી (રાપરગઢવાળી-ઘાટકોપર) | ૨ | ૬૦,૦૦૦ |
| શ્રી આણંદજી શામજી લોડાયા (રાપરગઢવાળી-ઘાટકોપર) | ૨ | ૬૦,૦૦૦ |
| શ્રી ઉમરશી શામજી લોડાયા (નલિયા-ઘાટકોપર) | ૨ | ૬૦,૦૦૦ |
| માતુશ્રી માકબાઇ લક્ષ્મીચંદ સોની (વાંકુ-ઘાટકોપર) | ૨ | ૬૦,૦૦૦ |

**તબક્કાવાર માસિક યોજના (દર મહિને એક હજાર રૂપિયા ત્રીસ મહિના સુધી)માં એક કુપન લેનારા દાતા પરિવારો**

| | |
|---|---|
| શ્રી રમેશ વિશનજી નાગડા (નલિયા-મુલુંડ) | શ્રી ચંદ્રેશ ટોકરશી લોડાયા (બાંઢિયા-નાસીક) |
| શ્રી કુંવરજી હરસી લોડાયા (રાપરગઢવારી-ભાંડુપ) | શ્રી દેવાંગ નરેશ ખોના (સાંયરા-મુલુંડ) |
| શ્રી પિયુષ નવીન મોતા (રાયધણજણ-મુલુંડ) | શ્રી વંશ હિતેન લોડાયા (કોઠારા-મુલુંડ) |
| શ્રી શશીકાંત લક્ષ્મીચંદ ધુલ્લા (નલિયા-ઘાટકોપર) | માતુશ્રી પ્રેમીલાબેન પદમશી ખોના (જખૌ-મુલુંડ) |
| શ્રીમતી પ્રભાવંતી મુલજી લોડાયા (ભરૂડીયા-મુલુંડ) | શ્રી વીર જય હરીશ ડાઘા (વરાડીયા-ભાંડુપ) |
| શ્રી ડુંગરશી ટોકરશી મૈશેરી (સુથરી-મુલુંડ) | શ્રી ખુશાલકાંત રતનશી હેફા (સાંયરા-સીવુડ) |
| શ્રી નેણશી સોજપાર ગુંદરવાલા (નલિયા-મુલુંડ) | શ્રી ટોકરશી શામજી સોની (સાંયરા-મુલુંડ) |
| એક સદગૃહસ્થ | શ્રી મણીલાલ ચત્રભુજ નાગડા (કોઠારા-મુલુંડ) |
| શ્રીમતી નિર્મલા રતીલાલ નાગડા(બાયઠ-ઘાટકોપર) | શ્રી શશીકાંત માણેકજી મૈશેરી (માંડવી-મુલુંડ) |
| માતુશ્રી લક્ષ્મીબેન ખેતશી છેડા (નલિયા-ભાંડુપ) | શ્રી ધનજી વિશનજી લોડાયા (મોટીસિંધોડી-મુલુંડ) |
| માતુશ્રી સોનબાઇ રાયચંદ લોડાયા (દલતુંગી-ડોંબીવલી) | શ્રીમતી સંધ્યા ગીરીશ લોડાયા (મોટીખાવડી-મુલુંડ) |
| શ્રીમતી સુશીલા વિરચંદ લોડાયા (સુથરી-ડોંબીવલી) | શ્રી પદમશી ગોવિંદજી છેડા (સુજાપુર-ડોંબીવલી) |
| માતુશ્રી વાસંતીબાઇ જવેરચંદ મોમાયા (વરાડીયા-કલવા) | માતુશ્રી ઝવેરબાઇ પદમશી લોડાયા (સાંયરા-કલવા) |
| માતુશ્રી લક્ષ્મીબેન કુંવરજી મોમાયા (વરાડીયા-કલવા) | માતુશ્રી બાયાબાઇ કુંવરજી લોડાયા (સાંયરા-કલવા) |
| માતુશ્રી ગંગાબાઇ જેઠાભાઇ મૈશેરી (કોઠારા-કલવા) | માતુશ્રી ખેતબાઇ લાલજી સોની (સુથરી-મુલુંડ) |
| શ્રીમતી સીમા લબ્ધીકુમાર મોમાયા (જખૌ-ગાંધીધામ) | શ્રી નિલેશ લક્ષ્મીચંદ શાહ (જસાપર-આદીપુર) |
| શ્રી કિશોર વાલજી છેડા (અમદાવાદ) | શ્રી શરદ મેઘજી મૈશેરી (જખૌ-બેલ્લારી) |
| શ્રી કિરીટ વેલજી કાયાણી (જખૌ-ડોંબીવલી) | શ્રી ભરત જેતશી કુરૂવા (ગોધરા-ગોરેગાવ) |
| શ્રીમતી આશા દીપક ડાઘા (વરાડીયા-મુલુંડ) | શ્રી રાજેન્દ્ર જે. મોમાયા (સાંયરા-ચેન્નાઇ) |
| શ્રી ચિમનલાલ લઘુભાઇ લોડાયા (મોટીસિંધોડી-મુલુંડ) | શ્રી કોઠારા જૈન મિત્ર મંડળ (કોઠારા) |
| માતુશ્રી મીઠીબાઇ ધનજી મૈશેરી (સાંધણ-ઘાટકોપર) | શ્રીમતી નિર્મલા નવીન લોડાયા (સાંધવ-મુલુંડ) |
| માતુશ્રી પ્રેમાબાઇ લાલજી લોડાયા (કોઠારા-મુલુંડ) | શ્રી ઝવેરચંદ હંસરાજ ધરમશી (સેવક ભરૂડીયા-માટુંગા) |
| માતુશ્રી હિરબાઇ મુલજી મેઘજી શિયાલ (સાયન) | શ્રીમતી પુષ્પાબેન પ્રવીણ લોડાયા (સાંધવ-થાણા) |
| માતુશ્રી માનબાઇ મુલજી મોતા (રાપર ગઢવારી-ડોંબીવલી) | શ્રીમતી ભારતી રમેશચંદ્ર મૈશેરી (મોટીસિંધોડી-મુલુંડ) |
| માતુશ્રી બાયાબાઇ શામજી મોતા (નલિયા-અંધેરી) | શ્રી માણેકજી ભવાનજી ભેદા (વારાપધર-મુલુંડ) |
| માતુશ્રી પ્રેમીલાબેન જયચંદ નાગડા (મુલુંડ) | માતુશ્રી જમકુબાઇ પદમશી લોડાયા (સુથરી-મુલુંડ) |
| શ્રીમતી રમીલા જેયચંદ નાગડા (નલિયા-મુલુંડ) | શ્રીમતી તારામતી મણીકાંત લોડાયા (સુથરી-ઘાટકોપર) |
| શ્રી ખુશાલચંદ ધનજી ધરમશી (સુથરી-બેંગલોર) | શ્રી તુષાર જીવરાજ મોમાયા (સાંયરા-મુલુંડ) |
| શ્રીમતી પ્રભાવંતી ઝવેરચંદ ધરમશી (લાલા-મુલુંડ) | માતુશ્રી કસ્તુરબાઇ વેલજી મૈશેરી (મોટીસિંધોડી-ડોંબીવલી) |
| શ્રીમતી હેમલતાબેન લહેરચંદ મોતા (નલિયા-ભાંડુપ) | શ્રી મુલજી હીરજી લોડાયા (ભરૂડીયા-મુલુંડ) |
| શ્રીમતી મધુબેન રાયચંદ લોડાયા (દલતુંગી-ડોંબીવલી) | શ્રી કીર્તીભાઈ પાસુભાઇ લોડાયા (મોટીખાવડી-મુલુંડ) |
| શ્રી હિરાચંદ વિસનજી શાહ (સુજાપર-માટુંગા) | શ્રીમતી રેખાબેન પરેશ લોડાયા (સાંયરા-મુલુંડ) |
| માતુશ્રી હેમલતાબેન પ્રતાપ લોડાયા (મુલુંડ-સુથરી) | શ્રી ટોકરશી શામજી લોડાયા (રવા-ભાંડુપ) |
| શ્રી કલ્યાણજી કરમશી નાગડા (તેરા-ભાંડુપ) | શ્રી ભુપેન્દ્રભાઇ ખોના (તેરા-મુલુંડ) |
| શ્રીમતી ભારતીબેન ભદ્રીચંદ દંડ (નલિયા-ડોંબીવલી) | શ્રીમતી જયવંતીબેન ચિમનલાલ લોડાયા (મોટીસિંધોડી-મુલુંડ) |
| શ્રી દીલીપ ઝવેરચંદ નાગડા (પરજાઉ-ઐરોલી) | શ્રી પિયુષ કાંતીલાલ સોની (સાંયરા-મુલુંડ) |
| શ્રી ખેતશી પદમશી મોતા (નલિયા-ઘાટકોપર) | માતુશ્રી મીઠાબાઇ મણીલાલ ટોકરશી (સુથરી-મુલુંડ) |

આવો, શ્રી ભલારાદાદા પ્રત્યેની આપણી શ્રદ્ધાના દીપ ઝળહળાવીએ. લાલપુર સ્થાનકના અદ્યતન કોમ્પ્લેક્સ માટે ખુશીભેર દાન આપીએ. સૌના પર શ્રી ભલારાદાદાની કૃપા કાયમ વરસતી રહે.

**લિ. શ્રી ભલારાદાદા ટ્રસ્ટ, લાલપુરના ટ્રસ્ટીઓ**

**આવતા અંકમાં કાંજુરમાર્ગમાં થયેલી પહેડીનો અહેવાલ તેમજ દાતાશ્રીઓની નામાવલી આવશે**

## માઈન્ડ પ્રોગ્રામીંગ : ભાગ ૧ મનને પોતાની ઈચ્છા પ્રમાણે ચલાવવાની કળા એટલે માઈન્ડ પ્રોગ્રામીંગ

સામાન્ય રીતે આપણે સંપૂર્ણપણે મન સાથે જોડાયેલા છીએ. આપણી ટેવો, અનુભવો, વર્તન કે લાગણીઓ ઉપર- મનનો પૂર્ણ કાબુ છે. બીજા શબ્દોમાં કહો તો આપણા સમગ્ર અસ્તિત્વનું સંચાલન આપણું મન કરી રહ્યું છે.

આમ આપણે મનના માલિક હોવા છતાં, મન આપણું માલિક બની બેઠું છે... અને એટલે એને કાબુ કરવું સહજ નથી, એની ઉપર લગામ લગાવવી જરૂરી છે.

માઈન્ડ પ્રોગ્રામીંગ, મનને કેળવીને જાતે પણ કરી શકાય અથવા એની માટે કોઈ નિષ્ણાતની મદદ પણ લઈ શકાય.

જો મનના માલિક બનવું હોય. એની પાસેથી આપણા ધાર્યા પ્રમાણે કાર્ય કરાવવું હોય તો એને કેળવવું પડે અને એની માટે થોડી પાયાની વાતો સમજીએ.

ઘણી વખત અમુક બાબતો એવી છે જે આપણી અંદર હોય, જેને બીજા લોકો જોઈ શકતા હોય પણ આપણે એનાથી સાવ અજાણ હોઈએ છીએ જેમકે-અહંકાર, ઈર્ષા, અદેખાઈ....

જ્યારે બીજી તરફ ઘણીબધી બાબતો એવી છે જે આપણે જાણતા હોઈએ છીએ તથા આપણને સતાવતા પ્રશ્નો કે ચિંતાઓથી માહિતગાર હોઈએ છીએ તેમજ એ સમસ્યાઓનું નિરાકરણ કેવી રીતે લાવવું તે પણ જાણીએ છીએ, છતાં મુશ્કેલી એ છે કે હકીકતમાં એ કરવું શક્ય બનતું નથી. જેમકે - ખોટું બોલવું, ગુસ્સો કરવો...

**આને સમજવા માટે એક સ્થૂળ ઉદાહરણ લઈએ :**

ધારોકે કોઈને ઓબેસીટી (વધારે વજન) ની સમસ્યા છે તો એને લીધે, શારીરીક, માનસિક તેમજ સામાજીક રીતે આવતી મુશ્કેલીઓથી તેઓ પરિચિત હોવાના જ. તેમજ તેનું નિવારણ કેમ કરવું તેની સમજ પણ તેઓને તેમજ આપણને બધાને છે. જો વ્યવસ્થિત રીતે ડાયેટીંગ અને એકસરસાઈઝ કરવામાં આવે તો વજન ઉતરે, એમાં કોઈ શંકાને સ્થાન નથી.

વજન ઉતારવા માંગતા લોકોના જીવનમાં ઘણીવાર એવા મોકાઓ આવતા જ હોય છે કે તેઓ કોઈપણ ભોગે વજન ઉતારવાનું નક્કી કરે અને એની માટે પૂરતા પ્રયત્નો પણ ચાલુ કરે જેમકે - ક્રેશ ડાયેટીંગ, જીમ જોઈન્ટ કરવું... વગેરે.

પરંતુ પોતેજ લીધેલો નિર્ણય હોવા છતાં પણ નક્કી કરેલા ધ્યેય સુધી પહોંચી શકાતું નથી. આ કાર્યક્રમ ભાગ્યે જ અઠવાડિયાથી ઉપર ચાલે અને જેમ ટાંચણી ભરાવવાથી ફૂગ્ગામાંથી હવા નીકળી જાય તેમ તેઓ પણ પાછા હતા ત્યાં ને ત્યાં આવી જાય. આવું થવાનું કારણ શું ?

આના જવાબમાં આપણને સાધારણ રીતે સાંભળવા મળે કે મન ખાવા લલચાઈ ગયું, આજે જલ્દી ઉઠી શકાયું નહીં કે આજે એકસરસાઈજ કરવાનું મન થયું નહીં.....

આપણે આમ પણ ઘણા લોકોને કહેતા સાંભળીએ છીએ કે મન માનતું નથી, હું આ વાત સમજું છું પણ મનને કેમ સમજાવું ? મનને કોણ મનાવી શક્યું છે ? મનથી મેં આમ માની જ લીધું છે... મન સહકાર નથી આપતું...

આપણી ઉપર આટલી હદ સુધીનો કાબુ ધરાવતું મન, આખરે છે શું અને કરે છે શું ?

ક્રમશઃ

- રૂપલ શાહ - 09833996477


જિંદગીના અઘરામાં અઘરા પ્રશ્નોનું
સરળ, સચોટ અને સંતોષદાયક નિરાકરણ

જીવનનો મૂળ હેતુ જીવન નિર્વાહ અને આનંદ છે
પણ આપણે સંબંધ, સંપત્તિ કે તંદુરસ્તી બાબત
દુ:ખનો અનુભવ કરતા હોઈએ છીએ અને
એમાંથી બહાર નીકળવા માટે
અન્ય સહારો શોધવાના ફાંફા મારીએ છીએ

તમારા દરેક પ્રશ્નના ઉત્તર
**તમારે જાતે**
મેળવવા હોય તો...

પંદર દિવસમાં ટેરો કાર્ડ શીખો
અને નિષ્કર્ષ કે નિર્ણય પર
**તમારી જાતે** પ્હોંચો (ગેરન્ટી સાથે)
તા. ક.: ટેરો કાર્ડ દ્વારા તમે આર્થિક રીતે પણ પગભર થઇ શકો છો

વધુ વિગત માટે સંપર્ક:
**રૂપલ શાહ**
98339 96477

**કાઉન્સીલર, માઈન્ડ પ્રોગ્રામર, એસ્ટ્રોલોજર, ટેરો કાર્ડ રીડર, ગ્રાફોલોજીસ્ટ, હેન્ડ રાઈટીંગ એક્સ્પર્ટ, સિગ્નેચર એનાલીસ્ટ...**



**જ્યોતિ**
સિલ્ક સાડી એમ્પોરીયમ
*Sachi Jari maate real nam*

**જરી ભરતકામવાળી સાડી, ચણીયા ચોળી, હેંડ તથા મશીનવર્ક સાડીઓ, બાંધણી - ઘરચોળા કસબ, કટવર્ક, જરદોશી વર્કની બોર્ડરો તથા બ્લાઉઝ.**

**અલવિદા ઝવેરી બજાર, વેલકમ ટુ માટુંગા**

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
**Tel.: 2404 3995 / 93222 58574**

## પાસ થયા અભિનંદન

વધુ ફોટા આવતા અંકે



**કરિશ્મા હર્ષદ લોડાયા**
મલકાપુર - સુથરી B.Sc.-III
(Final Year) માં **85%**



**મિત્તાલી હર્ષદ લોડાયા**
મલકાપુર - સુથરી B.Sc.
ફેશન ડિઝાઈન



**કેવલ ભરતભાઈ મોમાયા**
સાંયરા - ગાંધીધામ
F.Y.B.Com માં **70.14%**



**ધનશ્રી દિનેશ લોડાયા**
મલકાપુર - સુથરી
H.S.C. માં **67.80%**



**દેવાંગ ગિરીશ વર્ધમાન છેડા**
સુજાપર-અમદાવાદ H.S.C. (Sci.)
GSEB-A2 Grade માં **84.6%**



**સાર્થક હિતેશ નાગડા**
સેવક ભરૂડીયા - ડોંબીવલી
H.S.C. માં **84.62%**



**ઋષભ ગુલાબ પોલડીયા**
ડુમરા - ભાંડુપ
H.S.C. માં **85.54%**



**ઉર્મિલ આરતી લહેરચંદ ખોના**
જખૌ - સાયલુ
S.S.C. માં **88%**



**ભૂમિકા ઉવર્શી હેમાંગ દંડ**
પરજાઉ - હૈદરાબાદ
S.S.C. માં **92%**



**અધિતી કીરણ શાંતિલાલ માલદે**
દલતુંગી - ડોંબીવલી
S.S.C. માં **92.60%**



**દર્પણ સુધા પુનમચંદ મોતા**
\- S.S.C.
CBSE માં **7.9 (74%)**



**મિત યોગેશ મુનવર**
જખૌ - અગાશી
S.S.C. માં **73.60%**



**દેવિકા જિતેન્દ્ર લોડાયા**
મલકાપુર - S.S.C.
CBSE માં **8 (80%)**



**માનસી જયેશ સોની**
સુથરી - વડાલા
S.S.C. માં **80.40%**



**દિપ અતુલ મોમાયા**
ડુમંરા - ઘાટકોપર
S.S.C. માં **91.40%**



**કૃતિ જતીન કુંવરજી (લોડાયા)**
તેરા - થાણા
S.S.C. (ICSE) માં **95.33%**

**પાસ થયાના સમાચાર મોકલો : પરિણામો મોકલો. પિતા સાથે માતાનું નામ પણ મોકલો.**

**શાળાંત, યુનિવર્સીટી, સ્નાતક ઈત્યાદિ પરીક્ષાઓમાં ઉતીર્ણ થયેલા જ્ઞાતિ વિદ્યાર્થીઓને પોતાના ફોટા, પરિણામ, વિશિષ્ટ ઉપલબ્ધિ (વિષય, બોર્ડ, શાળામાં રેંક વિગેરે) માહિતી મોકલવા અનુરોધ છે. ફોટોના કોઈ ચાર્જીસ નથી. કચ્છના મુળ ગામ તથા હાલના વસવાટની વિગતપણ માતા-પિતાના નામ સાથે મોકલશો જેથી લોકો બરાબરથી ઓળખી શકે.**

# ટૂંકી વાર્તા : ઘર

સાધ્યા સજલ નેત્રે હાથમાં રહેલો કાગળ જોઈ રહેલી. એણે હમણાં જ બહારથી ઘર આવીને પહેલું કામ કવર ખોલવાનું કરેલું.

પત્ર દેવાંશીનો હતો. પહેલી પત્ની મૃદુલાના અવસાન પછી મનીષ સાધ્યાને પરણેલો અને દેવાંશી આ પ્રથમ લગ્નની પુત્રી હતી.

લગ્નના પ્રારંભના દિવસો હતા... સાધ્યાની નણંદ માલતી તે વખતે એક બપોરે બાજુવાળાનાં ઓટલે બેસવા ગઈ ત્યારે સાધ્યાએ એક બટકબોલી પડોશણને બોલતા સાંભળી, 'લો બેન, તમારી નવી ભાભી તો બહુ જબરી નીકળી. પૂરો મહિનોય નથી વીત્યોને દેવાંશીને હોસ્ટેલમાં દાખલ કરવાનું નક્કી કરી નાખ્યું. બિચારીની 'મા' ન રહીને ! મૃદુલાબેને તો દેવાંશીને હથેળીને છાંયો કરીને ઉછેરેલી.

પડોશણને એમ હતું કે નવી ભાભીની ટીકાથી માલતી ખુશ થશે. એનાથી વિપરીતપણે માલતીએ તો ઊલટા એની પર ફોલ્લા ફોડ્યા, 'બેન, મૃદુલા તો મરતી ગઈ અને આ છોકરીને માથે મારતી ગઈ. તમને દેવાંશીનાં લખ્ખણ શું ખબર ? મૃદુલાએ એવી તો મોઢે ચઢાવી મૂકેલી છે કે ન પૂછો વાત... એટલી જબરી છે કે મારી નવી ભાભીને તો એ ગાંઠે એમ જ નથી. એ છોકરીને સાધ્યાની તો ભારોભાર ઈર્ષ્યા છે. મારો ભાઈ મનીષે બે ઘડી પણ શાંતિથી પેલી જોડે બે વાત કરી શકે એટલીવાર પણ એ એને રેઢો મૂક્તી નથી. વળી મનીષ પાસે તો એવા ખર્ચા કરાવે છે કે વાત ન પૂછાય...' માલતીની ફરિયાદી ટ્રેનને ઘણાં ડબ્બા લાગેલાં હતાં.

માલતી શ્વાસ લેવાં થોભી. વળી બોલી, 'તમને ખબર છે ? મનીષની પહેલીવારની વહુ લવમેરેજવાળી હતી. આ બીજીને તો હું ટકોરા મારીને લાવી છું. મનીષે નવી આવેલીનાં સુખનોય વિચાર કરવાનો કે નહીં? બરાબરને!' માલતીને સાંભળી પડોશણની તો બોલતી બંધ થઈ ગઈ. જાણે-અજાણે માલતીનાં મનમાં મનીષની પહેલી પત્ની તરફ રહેલો અભાવ પ્રગટ થયેલો.

એ રાતે સાધ્યાએ દેવાંશી સૂઈ ગયાં પછી મનીષને પૂછેલું, 'દેવાંશીને હોસ્ટેલમાં મૂકવાનો વિચાર તમારો હતો ? દેવાંશી એમની જોડે જીદપૂર્વક સૂઈ જતી. લગ્ન પછી ચાર દિવસ ફરી આવ્યાં બાદ મનીષ અને સાધ્યાને ખરેખરું કહેવાય એવું એકાંત હજી સુધી સાંપડ્યું ન હતું.

'મૂળ એ વિચાર માલતીદીદીનો હતો. પણ કદાચ યોગ્ય છે. મને નથી લાગતું કે દેવાંશી આ ઉંમરે તને 'મા'ના રૂપમાં સ્વીકારી શકે. એ તને પસંદ નથી કરતી એ હું જોઈ શકું છું, અનુભવી શકું છું'

બીજા દિવસે મનીષ અને માલતી દેવાંશીને હોસ્ટેલમાં મૂકી આવ્યાં. સૌથી વધારે ખુશ માલતીને હતી. એ વિચારી રહી કે પોતાના ભાઈનો સંસારરથ હવે પૂરપાટ દોડશે. ભલું હશે તો આવતા વરસે ભત્રીજાને રમાડવા અવાશે. સાધ્યાને ઢગલો શિખામણ આપી ત્રણેક દિવસમાં રોકાણ પછી એ પાતાનાં ઘરે સિધાવ્યા. સાધ્યાએ હળવાશ અનુભવી.

ચોથા દિવસે મનીષ ઓફિસેથી છૂટી સાંજે ઘરે પહોંચ્યો તો એણે સુખદ આશ્ચર્ય અનુભવ્યું. દેવાંશીનો સાધ્યા માટે રહેલો પૂર્વગ્રહ સદંતર ધોવાઈ ચૂકેલો. હોસ્ટેલમાં એને જ્યારે સાધ્યા મળવા ગઈ ત્યારે પહેલાં તો ગુસ્સાને લીધે એણે સાધ્યાને મળવાનો ધરાર ઈન્કાર કરી દીધેલો. છતાં સાધ્યા એને પરાણે મળી હતી. સાધ્યાએ કહેલું, 'જો દેવાંશી, તેં મમ્મી ગુમાવી છે તો તારા પપ્પાએ પત્ની ગુમાવી છે. તું તો દસ-બાર વરસ પછી પરણી જઈશ. એ પછી તારા પપ્પા એકલા ન પડી જાય એટલે મેં એમની સાથે લગ્ન કર્યાં છે. હવે જો તું ઘરે રહીને દસ-બાર વરસ પણ તારાં પપ્પાની કેર ન રાખવાની હોય તો મારે શું પડી છે ? હું પણ મારા ઘરે પાછી ચાલી જાઈશ...' હકીકતમાં સાધ્યા દેવાંશીને ઘરથી દૂર કરીને પોતે ઘરવાળી થવા માંગતી ન હતી. ઘર મેળવવામાં એને કેટલી તકલીફ પડી હતી એ એનાથી વધુ કોણ જાણતું હતું !

'ના...ના..પ્લીઝ એવું ન કરશો. આપણે બેય ભેગા મળીને પપ્પાની કેર રાખીશું' દેવાંશીની આંખો ખુલ્લી હતી. ઢીલી પડી ગયેલી દેવાંશીને સાધ્યાએ તરત પોતાના અંકમાં સમાવી લેતાં કહ્યું, 'તો બેટા, ચાલો આપણાં ઘરે...' માલતીબેન વરસો સુધી ભાઈનાં ઘરે બીજું પારણું બંધાય એની રાહ જોતાં રહ્યાં. પરંતુ મનીષ અને સાધ્યાની દુનિયા દેવાંશીમાં સમાઈ ગઈ હતી.

પરણીને ટેક્સાસ સ્થિર થઈ ગયેલી દેવાંશીનો આજે પત્ર હતો, સાથે ટિકિટ પણ હતી. એ લખી રહેલી, 'પપ્પા આપણને આમ અચાનક મૂકીને જતાં રહેશે એવું ક્યારેય વિચારેલું નહીં. મને તમારી પળ પળ ચિંતા સતાવતી રહી છે. નાની હતી ત્યારે ફોઈએ મને ઘર છોડાવલું, જે તમે મને પાછું આપ્યું હતું. ન ફક્ત ઘર તમે મને બીજું બધું પણ ઘણું આપ્યું છે. હું આ પત્ર જોડે ટિકિટ પણ મોકલી રહી છું. મારી સાથે, મારું ઘર એટલે કે મારાં બાળકો અને પતિ તમારાં આગમનની ઉત્કંઠાપૂર્વક પ્રતીક્ષા કરી રહ્યાં છે.'

મનીષનાં અવસાન બાદ ફરી એકવાર આજે સાધ્યાની આંખોમાંથી સરસરાટ અશ્રુઓ વહી નીકળ્યાં. એ આંસુ ખુશીનાં હતાં. આ ઉંમરે એને એક બીજું નવું મનગમતું ઘર મળી રહ્યું હતું..

– ઉર્વી હરિયાણી


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com


સૌને કચ્છી નવ વર્ષ અષાઢી બીજની શુભકામના ! આગાઉ થયેલ ઓછા વરસાદની આગાહીથી વિપરીત આ વર્ષે કચ્છ સહિત સર્વત્ર મેહુલો મન મુકીને વરસ્યો છે. એનો લાભ લઈને જ્યાં શક્ય હોય ત્યાં વૃક્ષો વાવીએ અને પર્યાવરણ સુધારીએ.

તન-મન પરિવાર


શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI
Continental
MADHUBAN - JHARKHAND

પ્રકાશ સમીક્ષા **સમાચાર** સંકલન
સંસ્થા સમાચાર · જ્ઞાતિ સમાચાર · વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### કોઈમ્બતુર નગરે ''પ્રતિષ્ઠા''

દક્ષિણ ભારતના તામિલનાડુ રાજ્યના કોઈમ્બતુર નગરે, ક.દ.ઓ જ્ઞાતિના ૮૦ પરિવારોના તન-મન-ધનથી સાકાર થયેલ સ્વપ્ન એટલે જ દેવવિમાન તુલ્ય સંગેમશ્વર આરસમય નયનાભિરામ દેવાધિદેવ શ્રી મુનિસુવ્રત સ્વામી ભગવાનના જિનાલયનો પ્રતિષ્ઠા મહાત્સવ પ.પૂ. મુનિ પ્રવર શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા., પ.પૂ. મુનિ શ્રી રાજશેખરસાગરજી મ.સા, પ.પૂ. મુનિ શ્રી ધર્મશેખરસાગરજી મ.સા. ઠાણા-૩ ની નિશ્રામાં દશાન્હિકા મહામહોત્સવ સહ તા. ૧૫.૫.૨૦૧૫ થી દસ દિવસ સુધી ઉજવાયો. વિધિકાર શ્રી નરેન્દ્રભાઈ રામજી નંદુ સહ કયવન્ન-જય-મેઘ ત્રિપુટી બંધુએ ધાર્મિક વિધિ કરાવી.

તા. ૧૫.૫.૨૦૧૫ કુંભ સ્થાપના બાદ આરતી, મંગળ દિવો, શાંતી કળશ રાત્રે ભાવના.

તા. ૧૬.૫.૨૦૧૫ - પ્રભુજીનો ગંભારા પ્રવેશ, વરઘોડો યોજાયો. વરઘોડા પર ડ્રોન હેલિકોપ્ટરથી ફૂલોની વર્ષા થઈ.

તા. ૧૭.૫.૨૦૧૫ થી તા. ૧૯.૫.૨૦૧૫ - શ્રી સ્નાત્ર પૂજા થઈ.

તા. ૨૦.૫.૨૦૧૫ - વિવિધ પૂજનો તથા પ્રભુ ભક્તિમાં અંતાક્ષરીની સુંદર પ્રતિયોગિતા યોજાઈ.

તા. ૨૧.૫.૨૦૧૫ - પ્રભુ ચ્યવન/જન્મ કલ્યાણકની ઉજવણી થઈ. પ્રભુજીના વિવાહ મહોત્સવ થયા.

તા. ૨૨.૫.૨૦૧૫ - પ્રભુજીનો ભવ્યાતિભવ્ય વરઘોડો હાથી, ઘોડા, રથ સાથે યોજાયો.

બપોરના વિજય મુહર્તે અઠાર અભિષેક, તેમાં અષ્ટપ્રકારી પૂજા, સૂર્ય દર્શન, ચંદ્ર દર્શન, આરતી, મંગલ દીવો, શાંતિ કળશ વગેરે કાર્યક્રમો થયા.

તા. ૨૩.૫.૨૦૧૫ - શ્રી પરમાત્માની પ્રતિષ્ઠા ખૂબજ ઉત્સાહ પૂર્વક થઈ. શ્રી ધ્વજદંડ પ્રતિષ્ઠા થઈ અને ધ્વજ ચડાવવામાં આવ્યો. શ્રી શિખરના, શ્રી રંગમંડપ અને ચોકીના કળશની પ્રતિષ્ઠા થઈ. પ.પૂ. મહારાજ સાહેબને કાંબળી વહેરાવવામાં આવી. પ્રતિષ્ઠા બાદ પહેલી આરતી, મંગલ દીવો, કંકુના થાપા, ઘંટનાદ, અખંડ જ્યોત વગેરે ભાવપૂર્વક થયા.

બપોરના વિજય મુહર્તે શ્રી બૃહદ શાંતિ સ્નાત્ર સહ આરતી, મંગલ દીવો, શાંતિ કળશ થયા.

તા. ૨૪.૫.૨૦૧૫ - દ્વારોદ્ઘાટન થયું. પ્રતિષ્ઠા મહોત્સવના દશાન્હિકા મહોત્સવ ખૂબજ સુવ્યવસ્થિત રીતે ઉજવાયો.

### આણંદ પરિવાર

આણંદ પરિવાર દ્વારા વડિલો ના ઋણ ચુકવવા માટે સિધ્ધગીરી પાલીતાણા મધ્યે વડિલ વંદનાનો કાર્યક્રમ તા. ૨૫/૧૨/૨૦૧૫થી ૨૯/૧૨/૨૦૧૫ સર્વે પરિવારના સર્વે વડિલો , ભાઈ-બહેનો-નિયાણીઓને પરિપત્ર મોકલેલ છે પૂછપરછ અને બુકિંગ માટે સંપર્ક - જ્યોતી નરેન્દ્ર દંડ - 9967034713, તોરલ કુમાર દંડ - 9320278222

### શ્રી શેત્રુંજય મુક્તિ સમ્યક જ્ઞાન અભ્યાસ ક્રમ

શ્રી શેત્રુંજય મુક્તિ સમ્યક જ્ઞાન અભ્યાસ ક્રમના કલાસેસ ભાંડુપ મધ્યે અનંતસિધ્ધિ અભ્યાસક્રમ પ્રથમ અને દ્વિતીય માટે ૩૦/૬/૨૦૧૫, અભ્યાસક્રમ તૃતીય અને ચતુર્થ માટે ૧/૭/૨૦૧૫

મસ્જીદ બંદર અનંતનાથ જિનાલય મધ્યે અભ્યાસક્રમ પ્રથમ અને દ્વિતીય માટે ૨/૭/૨૦૧૫, અભ્યાસક્રમ તૃતીય અને ચતુર્થ માટે ૩/૭/૨૦૧૫, સંપર્ક : લતાબેન - 9323944117, કુમારભાઈ - 9920935414

### શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પ.પૂ. શ્રી જયલક્ષ્મીશ્રીજી મ.સા. ના પ્રેરણાથી સ્થાપિત કરેલ ટ્રસ્ટ અને પ.પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. ના આર્શિવાદ અને માર્ગદર્શનને ટ્રસ્ટ સમાજ માટે વિવિધ કાર્યો કરી રહેલ છે.

ગરીબોને ભોજન કરાવવા માટે ફાળો આપનાર કાયમીતિથીઓના દાતાઓની યાદી : ૧) શ્રી નવીનચંદ્ર ગોવિંદજી દંડ ના સ્મરણાર્થે ૨) કે. કે. જોશી ૩) શ્રી કે.ડી.ઓ. જૈન મહાજન ધુલીયા, પ.પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. ની દિક્ષા તિથી નિમિતે. ૪) માતુશ્રી રતનબાઈ હિરજી શિવજી


**જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત**

**શ્રી નરશી જેઠાભાઇ દંડ પરિવાર** (વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

Asia's First ISO 9001:2000 Certified Gin Press

લોડાયા, મુંબઈ ૫) સૌ. હિના રતીલાલ દામજી ધ્રોળ, ડોંબીવલી ૬) શા. લાલજી ગોવિંદજી મોમાયા, ચાલીસગામ ૭) ગંગાબાઈ લિલાધર નરશી મોમાયા, માટુંગા ૮) સોહમ રાજા ગાંધી ૯) પુષ્પાબેન ચંદુલાલ ડાઘા, હર્ષાબેન વિપુલ ડાઘા (પારોલા) ૧૦) શા. તારાચંદ દામજી પોલડિયા, બુરહાનપુર ૧૧) રતનબાઈ જેઠાલાલ લોડાયા ૧૨) સોનબાઈ લક્ષ્મીચંદ લોડાયા, ચાલીસગામ ૧૩) માંકબાઈ લખમશી ધુલ્લા, મુલુન્ડ ૧૪) લીલાવંતી ગોવિંદજી નાગડા, નાંદેડ ૧૫) મુલજી શિવજી મૈશેરી, કોઠારા

## નલીયાવાસી મિત્ર મંડળ નોટબુક વિતરણ-ચૈત્ય પરિપાટી

શ્રી નલીયાવાસી મિત્ર મંડળ ડોમ્બીવલી દ્વારા નલીયા ગામના ૬૦ થી વધુ વિદ્યાર્થીઓને લોન્ગબુક ફ્રી આપવામાં આવી હતી. મંડળના વીરેન્દ્ર લોડાયા / ચેતન નાગડા / અમિત પરેશ ખોના / પ્રગ્નેશ નાગડા / વંદના દંડ/ મયુર લોડાયા તથા સર્વ કાર્યકરોએ જોરદાર જહેમત ઉઠાવી તા. ૭.૬.૧૫ તથા તા. ૧૪.૬.૧૫ ના રાખવામાં આવેલ. હજી પણ કોઈ વિદ્યાર્થી બાકી હોય તો કાર્યકરોને જાણ કરી લાભ લઈ શકે છે.

મંડળ દ્વારા પાલીતાણા માટે ત્રણ દિવસની ચૈત્ય પરીપાટી લઈ જવાની તૈયારી યોજાઈ છે. સમય અનુસાર પ્રકાશ સમીક્ષા માં જાહેરાત આપવામાં આવશે, પછી નામ નોંધાવવા વિનંતી.

### ભૂલ સુધાર

ભાંડુપ જિનાલયની ધજાનો લહાવો માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયાએ ૨૦૧૨ નહીં પણ ૨૦૧૨૧ મણમાં લીધેલ છે.

## નર્મદાના નિરથી વાગડના તળાવો છલોછલ કચ્છના થાય તેવી અપેક્ષા જાગી.

નર્મદાના નિર મોટે પાયે કચ્છમાં પ્રવેશ્યા પછી બે માસમાં વાગડમાં ખુશ થઈ જવાય તેવી સ્થિતિ સર્જાઈ છે. કચ્છમાં પણ તેમજ થશે એવી અપેક્ષા જાગી છે.

ફત્તેહગઢ, માંજુવાસ, મોડા, રવના બ, સુવઈનો બાંમસરો, ધોરુવાળો અને મુનિયાવાળો તથા રતડિયા અને વણોઈના તળાવ સહિત કુલ ૧૭ જેટલા તળાવો આ નર્મદાનાં નીરથી સહિયારા પ્રયાસોથી ભરી દેવાયા. પશુઓ, પક્ષીઓ તથા ગામોગામના પાલતુ ઢોરઢાંખરને પીવા માટે પૂરતું મીઠું પાણી મળવા મંડતાં 'વાઈલ્ડલાઈફ' ખીલવા મંડી છે.

રવેચી મંદિર પાછળનું આ દેવીસર તળાવ પણ નર્મદાથી ભરી દેવાયું છે. હવે આસપાસના ગામોને મોટી રાહત થશે. લાકડાવાંઢ ડેમ છલોછલ ભરાય ત્યારે લાકાડાંવાંઢ, રવ, સુરબાવાંઢ, શાનપર વાંઢ અને થોડા ડાવરી ગામ સહિત કુલ ૬૦ એકર જમીન પિયત થાય છે.

નંદાસરથી નર્મદાના નહેરના પાણી પાઈપલાઈ વાટે સીધા બાલાસર સમ્પમાં અને ત્યાંથી ખડીર સુધી પીવાના પાણી તરીકે પહોંચી ગયા છે.

ગેડી ગામમાં જ નહેર પર એન્જિન લગાડી પાણી આપવાનું શરૂ કરાયું. ૭૦૦૦ની વસતી વીતેલા સપ્તાહથી આ પાણી પી રહી છે.

સુવઈ ગામ પાસેનો સુવઈ ડેમ નર્મદા નહેરના પાણીથી ભરવામાં ઉપરાંત ડેમની કેનાલ વાટે વાટે ગામનાં સીમ તળાવ 'બાંયસરો', 'ધોરુવાળો' અને 'મુનિયાવાળો' પણ ભરાયા, ગવરીપરનું 'રતડિયા' અને વણોઈનું 'શાહુપીરવાળો' નામના તળાવ પણ ભરી દેવાયા છે.

## હૈદરાબાદના પ્રાણીમિત્રો ગુજરાતના મુખ્ય પ્રધાનની મુલાકાતે

જ્ઞાતિ આગેવાન રિધ્ધેશ જાગીરદાર, રમેશ લોડાયાના સેક્રેટરી પદે ચાલતી પ્રાણી મિત્ર હૈદરાબાદ સંસ્થાના આગેવાનો તાજેતરમાં એનીમલ વેલફેર બોર્ડના કો. ઓપ. સભ્ય સ્વામી સ્વયં ભગવાનદાસ સાથે ગુજરાતના મુખ્ય પ્રધાન શ્રીમતી આનંદીબેન પટેલને ગુજરાત ગૌસેવા આયોજનના ચેરમેન ડૉ. વલ્લભભાઈ કટારીયા અને ચૈતન્ય શંભુજીની ઉપસ્થિતિમાં મળીને તેમને સ્મૃતિચિન્હ અર્પણ કર્યું હતું.






# ABDASA (KACHCHH) GAUSHALA TRUST

**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.



**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

**નયા / બદલાવેલા સરનામા - (પુરું નામ અને નવું સરનામુ મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)**

| | |
|---|---|
| **લહેરચંદ ઉમરશી નાગડા** | બી-૯૦૪, પ્રથમેશ વ્યુ રેસીડેન્સી, સીએટ ટાયર કંપનીની સામે, નાહુર સ્ટેશન પાસે, વ્હીલેજ રોડ, નાહુર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮. ઘરનો નવો નં. - 022-2566 1151 |
| **રોહીત તેજકુમાર જૈન (નાગડા)** | પામ સિટી, સી વિંગ, ફ્લેટ નં. ૯૦૨, વિદ્યાનિકેતન સ્કુલ સામે, પાટીદાર ચોક, સાધુ વાસવાણી રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. મો. : 09510911180 |
| **ગૌતમ તેજકુમાર જૈન (નાગડા)** | પામ સિટી, સી વિંગ, ફ્લેટ નં. ૯૦૧, વિદ્યાનિકેતન સ્કુલ સામે, પાટીદાર ચોક, સાધુ વાસવાણી રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. મો. : 08690015158 |
| **હિરાચંદ પદમશી મોતા** | કોર્નીસ કેસલ, ગેલેસી બિલ્ડીંગ, ૮મે માળે, ૮-એ, રેડ ક્રોસ રોડ, કે.આર.એસ. લિમિટેડની સામે, કોઝીકોડે (કલીકટ) - ૬૭૩૦૩૨. |
| **પ્રભાબેન પાસુભાઈ નાગડા** | ૧૧૦૩/બી વીંગ, રાજયોગ રેસીડેન્સી, હીરજી નેણશી કંપાઉન્ડ, એમ.જી. રોડ, ગોરેગાંવ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૨. મો. : 09324117769 |
| **ભરત પાસુભાઈ શાહ (નાગડા)** | રૂમ. નં. ૪, ગોગ્રી નિવાસ, આર્ય રોડ, અંબા માતા મંદિરની સામે, ગોરેગાંવ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૨. મો. : 09320534973 |
| **ભરત હિરજી માલદે** | ૫૦૧, સોહિલ એન એક્સ, ગોપાલ નિવાસ, આર.આર.ટી. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦. |
| **નિલંજ ભાલચંદ્ર ધરમશી** | સાંઈ માયા સી.એચ.એસ., ૩ જે માળે, ફ્લેટ નં. ૩૩, પ્લોટ નં. ૧૦૪, સેક્ટર નં. ૨૯, વાશી, નવી મુંબઈ - ૪૦૦ ૭૦૩. |
| **શામજી મણશી દંડ** | સ્વાગત રેન ફોરેસ્ટ-૨, સી-૩૦૨, કુદાસન, ગાંધી નગર - ૩૮૨ ૪૨૧. મો. : 08511195548 |
| **અરૂણ પી. શાહ** | ફ્લેટ એફ ૩, ૩ જે માળે, પ્લોટ નં. ૦૭, નુટેક ગ્રીન્સ અપાર્ટમેન્ટ, ૬ ક્રોસ, જી.કે. નગર, (વીજી.એન. ગાર્ડન), મધનનધાપુરમ, પોરુર, ચેન્નઈ - ૬૦૦ ૧૨૫. મો. : 09043152642 |
| **કિશોર હિરાચંદ ખોના** | ફ્લેટ નં. ૩૦૨, ગોપાલ ભવન, જમશેદજી માણેકજી રોડ, મુનિસુવ્રત જૈન દેરાસરની સામે, જેકેની ઉપર, નેક્સટ મોબાઈલ અને હરીભાઈ કંદોઈ, તેંબીનાકા, થાણે (વેસ્ટ)-૪૦૦ ૬૦૧. |
| **દિપેશ ધીરજલાલ ભવાનજી ગોસર** | ફ્લેટ નં. ૨૦૨, સેન્ટ મેરી કો-ઓપ. હાઉસીંગ સોસાયટી, સમર્થ ભંડારની પાછળ, જુના બોમ્બે રોડ, બી.કે. જ્વેલર્સની નજીક અને દગડી સ્કુલ, થાણે (વેસ્ટ) - ૪૦૦ ૬૦૧.. દિપેશ ડી. ગોસર : 09819064485, જસ્મીન ડી. ગોસર : 09821458234 |

## જૈન ફાઉન્ડેશન દ્વારા પક્ષી માટે ફળો



શ્રી મુકેશ માણેકજી લોડાયા જૈન, જૈન ફાઉંડેશન, કોચીન, દ્વારા સામાન્ય જનોમાં પોતાના ઝાડની પક્ષીઓને સમર્પીત એક નાની ડાળી માં એંધાણી રૂપ એક ડાળીમાં એક લાલ રીબીન બાંધીને જેના ફળો માત્ર પક્ષીઓ માટે રીઝર્વ હોય, એ નોંધાણીનો પ્રચાર કરીને આ ઉદ્દેશ્ય ને ફેલાવે અને આવતી પેઢીને પ્રકૃતિ તરફ વાળી શકે માટે તા. ૪.૬.૨૦૧૫ ના તાલુક ઓફીસ કમ્પાઉન્ડ સહિત ત્રણ ગર્વરમેન્ટ બિલ્ડીંગ, ફોર્ટ કોચી ના આંગણામાં ફળો (આંબા, પેરૂ, ચીકુ, જાંબુ તથા ઈન્ડીયન બદામ) ના દશ ઝાડ ટ્રી ગાર્ડ, ભવિષ્યમાં માવજત, ટપક સિંચાઈ પદ્ધતિ દ્વારા રોજ પર્યાપ્ત માત્રામાં પાણી મળી રહે એ સુવિધા સહિત વાવવામાં આવ્યા.

આ કાર્યક્રમ દરમિયાન સબ કલેક્ટર IAS શ્રી. એસ સુહાસ ના હસ્તે પદ્મશ્રી શ્રી પુરુષોત્તમ માલયા, રોડ સેફટી એવોર્ડ વિનર શ્રી. V. G. સુગુનાન, બોડી બિલ્ડીંગ એશિયન ગોલ્ડ મેડલિસ્ટ શ્રી અનાસ, 52 time Blood Donor શ્રી પંકજ પારેખ, ચંડા આર્ટીસ્ટ કલામન્ડલમ્ શ્રી K. P. વિજયન સહિત દશ મહાનુભાવોનુ જૈન ફાઉન્ડેશન વતી સાલ ઓઢાળી ને સન્માન કરીને તેઓના પુણ્ય હાથે ઝાડો પોંખવા માં આવ્યા.

### લગ્નસંબંધી

ડીસેંબર ૧૯૮૪માં જન્મે પાતળી અને સુંદર ભણેલ કન્યાને મુંબઈમાં રહેનાર સુશિક્ષીત અને વેલસેટલ જીવનસાથી જોઈએ છે. ઇચ્છુક ઉમેદવારને કે તેમના કુટુંબીજનોને પોતાની સવિસ્તાર માહિતી orange11dandy@yahoo.co.in પર ઈ-મેલ કરવા વિનંતી.

# જીવનચક્ર

**જન્મ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨.૫.૧૫ | મુલુંડ | **પુરબ** હીનલ/કરણ અરવિંદ દંડ | બાયઠ | પુત્ર |
| ૨.૬.૧૫ | નાંદેડ | **નીશીથા** શીતલ/મયુર નાગડા | તેરા | પુત્રી |

**સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૫-૬.૧૫ | ડોંબીવલી | **મેહુલ** કિરણ કાનજી દંડ | સાંધવ | ૨૪ |
| | ડોંબીવલી | **ટીનલ** ગુલાબ વસંનજી છેડા | સુથરી | ૨૨ |

**આંતર જ્ઞાતિય સગપણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૯.૬.૧૫ | ભિંવડી | **પ્રતીક** ચંદ્રકાંત ગોવિંદજી નાગડા | બેરાજા | ૨૯ |
| | ડોંબીવલી | **પન્ના** કાંતિલાલ વિરજી શિયાળ | દલતુંગી | ૨૯ |

**સગપણ છૂટા**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨.૬.૧૫ | જામનગર | **યતીન** જગદીશ લધુભાઈ લોડાયા | મોટી ખાવડી | ૨૪ |
| | ડોંબીવલી | **હેતલ** લહેરચંદ લખમશી ખોના | વરાડીયા | ૨૧ |

**આંતર જ્ઞાતિય લગ્ન**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭.૪.૧૫ | બેંગલોર | **સુરભ** શૈલેશ રૂડાલ સિંગ | બેંગલોર | ૩૧ |
| | બેંગલોર | **કોમલ** ખુશાલચંદજી ધરમશી | સુથરી | ૨૯ |

**મરણ**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૩.૫.૧૫ | અમદાવાદ | **ચંદનબેન** કુંવરજી નાગડા | નલીયા | ૭૬ |
| ૧૯.૬.૧૫ | ભાંડુપ | **જયાબેન** મણીલાલ ઉમરસી ખોના | ગોરખડી | ૬૪ |
| ૧૮.૬.૧૫ | પુના | **શાંતીલાલ** લાલજી પુનશી છેડા | નલીયા | ૬૮ |
| ૧૯.૬.૧૫ | ડોંબીવલી | **જયાબેન** જીવરાજ ગાંગજી ડાઘા | ભરૂડીયા | ૭૫ |
| ૨૦.૬.૧૫ | મુલુંડ | **રંજના** વિજય રૂપસિંહ ખોના | મોટી ખાવડી | ૫૭ |
| ૨૧.૬.૧૫ | થાણા | **ઉર્મિલાબેન** શાંતિલાલ ગોવિંદજી લોડાયા | મોટી ખાવડી | ૬૬ |
| ૨૪.૬.૧૫ | મુલુંડ | **લક્ષ્મીચંદ** રાયચંદ ભેદા | વારાપધ્ધર | ૬૯ |
| ૨૪.૬.૧૫ | મુલુંડ | **રતીલાલ દેવજી નાગડા** | રાપરગઢવારી | ૭૨ |
| ૨૨.૬.૧૫ | સિરપુર | **જ્યોતિ** દિનેશ ટોકરશી નાગડા | લુણી | ૫૫ |

## જૈન ફાઉન્ડેશન દ્વારા ખાદીના યુનિફોર્મનું વિતરણ



શ્રી મુકેશ માણેકજી લોડાયા જૈન, જૈન ફાઉન્ડેશન, કોચીન દ્વારા વણકર ઉદ્યોગ જીવિત રહે તે ઉદ્દેશ્યથી તથા ૧૦૦% કોટન ખાદી શરીર માટે સર્વોત્તમ છે માટે ૧૦૦% કોટન ખાદી યુનીફોર્મ ના પ્રચાર માટે ગવર્મેન્ટ એલ. પી. સ્કુલ અમરાવતી, ફોર્ટ કોચીમાં ગવર્મેન્ટ ટીચર્સ તથા જૈન ફાઉન્ડેશન ના સંયુક્ત યોગદાનથી વિદ્યાર્થીઓને યુનિફોર્મ રૂપે બે જોડી ખમીશ ટોપનું વિતરણ કરવામાં આવ્યું.

૧૦૦% કોટન ખાદી ને યુનીફોર્મ તરીકે ઉપયોગમાં લાવવા માટે શ્રી મુકેશભાઈએ કેરલા હ્યુમન રાઈટસ કમીશન (KHRC) માં કેસ કરેલ જેનો ફેસલોં જજ શ્રી એન. દિનકર સાહેબે વિદ્યાર્થીઓની તરફેણ માં આપેલ. આ કેસના ફેવરેબલ પરિણામ રૂપે ગવર્મેન્ટ એ પણ એક દિવસ માટે ખાદી યૂનિફોર્મ માટે સ્કૂલોમાં આદેશ કરેલ છે. અમુક વિદ્યાર્થીઓને સરકાર તરફથી યૂનિફોર્મ માટે સહાય પણ અપાય છે.


શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,

૯૯ મસ્જીદ સાઇડીંગ રોડ, મુંબઇ-૯.

## જીવદયા પ્રેમી સંઘવીશ્રી ભાગચંદભાઈ દામજી જૈન (ધરમશી)ની પુણ્ય સ્મૃતિમાં

### કોઠારામાં સિધ્ધચક્ર મહાપૂજન સહ ત્રિહાન્હિકા મહોત્સવ ઉજવાયો

### સમગ્ર ગામવાસીઓનું ધુવા બંધ જમણ યોજાયું

જીવદયા પ્રેમી સંઘવી શ્રી ભાગચંદભાઈ દામજી જૈન (ધરમશી) ની પુણ્ય સ્મૃતિમાં અને પૂ.સા. શ્રી ધૈર્યપ્રમાશ્રીજી મ.સા. ની છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે અબડાસા પંચતિર્થીનાં ઉદયધામ કોઠારા ગામે શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ તથા ક.દ.ઓ. જૈન મહાજન શ્રી તેરા અને કોઠારાનાં વિશેષ સહયોગથી સંઘમાતા ભારતીબેન ભાગચંદ દામજી જૈન પરિવાર કોઠારા હાલે મુલુન્ડ દ્વારા ત્રિહાન્હિકા મહોત્સવ પ.પૂ. મુનિરાજ શ્રી મુક્તિરત્નસાગરજી મ.સા., પૂ.સા. શ્રી નંદીવર્ધનાશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી કલ્પરસાશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી પ્રશમરસાશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી હિતદર્શાશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી રાજનંદીનીશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી પુણ્યવંતાશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી યોગદષ્ટિશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી ચારૂશીલાશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી જયશીલાશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી અર્હંશીલશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી ત્યાગશીલાશ્રીજી મ.સા. ની શુભપાવન નિશ્રામાં ભક્તિભાવ પૂર્વક ઉજવાયો હતો.

તા. ૧૦-૬ ના કચ્છ એક્સપ્રેસ દ્વારા ૧૫૦ ભાવિકોએ મુંબઈથી કચ્છ જવા માટે પ્રસ્થાન કરેલ. ટ્રેનમાં ચૌવિહારની વ્યવસ્થા તેમજ નાસ્તાના વિવિધ પેકેટો તથા તા. ૧૧-૬ના ગાંધીધામ સ્ટેશન ચા-નાસ્તાની વ્યવસ્થા મહોત્સવના દાતાશ્રી પરિવાર દ્વારા કરવામાં આવેલ. ભુજથી લક્ઝરી બસ તથા વાહનો દ્વારા ભાવિકોએ તેરા તીર્થ તરફ પ્રયાણ કરેલ.

મહોત્સવનાં પ્રથમ દિવસે તેરા ગામે શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ મહાપૂજન ગામવાસીઓની વિશાળ ઉપસ્થિતિમાં શ્રી ક.દ.ઓ. જૈન મહાજનશ્રી તેરાના વિશેષ સહયોગથી ઉજવાયો હતો. સાધર્મિક ભક્તિ અને ચા પાણીનો લાભ સંઘમાતા ભારતીબેન ભાગચંદ જૈન પરિવારે લીધેલ. કચ્છ એકમનાં પ્રમુખ શ્રી રમેશભાઈ દંડ, શાંતિલાલભાઈ લોડાયા - વડોદરા તથા સમાજ અને ગામવાસીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. માંડવી જૈન આશ્રમનાં આશ્રિત ભાઈ-બહેનોને દેઢિયા, સાંધવ, તેરા, જખૌ, નલીયા, સુથરી, કોઠારા વિ. અબડાસા પંચતીર્થીની યાત્રા કરાવવામાં આવેલ. જેનો લાભ મહોત્સવના દાતાશ્રીએ લીધેલ.

મહોત્સવનાં દાતા પરિવાર સંઘમાતા ભારતીબેન જૈન તથા પરિવારજનો કોઠારા પધારતાં કોઠારા જૈન મહાજન શ્રી દ્વારા વાજતે ગાજતે તે ભવ્ય સામૈયું કરવામાં આવેલ. બપોરે પંચકલ્યાણક પૂજા તથા રાત્રે પ્રભુજીની ભવ્ય આંગીરચના તથા અચલગચ્છ અધિષ્ઠાયિકા શ્રી મહાકાળી માતાજીની ભાવનાં યોજાઈ હતી.

દ્વિતિય દિને સવારે આઠ વાગે વરાડીયા ગામે સંઘમાતા ભારતીબેન ભાગચંદ જૈન પરિવારા દ્વારા નિર્માણ પામેલ વાછરાદાદા મંદિરે વાછરાદાદા, ગણેશજી, ક્ષેત્રપાળ દાદાની પ્રતિષ્ઠા યોજાઈ હતી. વરાડીયા ગામે સંઘમાતા ભારતીબેન ભાગચંદ જૈન પરિવાર દ્વારા વાછરાદાદા મંદિરની પ્રાણપ્રતિષ્ઠા જ્ઞાતિની વસતિ વગરના રાણપર મહાવીર સ્વામિજિનાલયે દાયકાઓ બાદ સેંકડોની ઉપસ્થિતિમાં અઢાર અભિષેક યોજાયા. વરાડીયા ગામવાસીઓએ સુંદર સહકાર આપ્યો હતો.

સવારે દશ વાગે કોઠારા ગામે સંઘમાતા ભારતીબેન ભાગચંદ જૈન પરિવાર દ્વારા નિર્માણ પામેલ વાછરાદાદા મંદિરે વાછરાદાદા, ગણેશજી, ક્ષેત્રપાળ દાદાની પ્રતિષ્ઠા યોજાઈ હતી. વાજતે ગાજતે દાદાનાં ઘોડાઓને નવા મંદિરે તેમનાં સ્થાને શાસ્ત્રોક્ત વિધિ સાથે પધરાવવામાં આવેલ. વિધિ વિધાન અબડાસાનાં ખ્યાત ગોર મારાજ વિનોદભાઈ વ્યાસે કરાવેલ. આ અવસરે અબડાસાનાં પૂર્વ ધારાસભ્ય શ્રી જેન્તીભાઈ ભાનુશાલી, તાલુકા પંચાયત પ્રમુખ મુળજીભાઈ ગઢવી, વાલજીબાઈ ગઢવી, પ્રવિણસિંહ જાડેજા, શ્રી નયનભાઈ ભેદા, ચેતનભાઈ મોતા, મુરજીભાઈ શાહ, પ્રભાતસિંહ જાડેજા, પ્રવિણભાઈ લોડાયા, તથા ગામવાસીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટનાં પ્રખ્યાત ભજનીક કૌશિક બારોટ અને કચ્છી કોકિલ કંઠી શાયદા મીરે વાછરાદાદાનાં ભજનોની રમઝટ બોલાવી હતી. ૩૭૦ વર્ષ પહેલા પાચોટીયાથી ઉડીને આવેલ ઘોડાની પુનઃપ્રતિષ્ઠ ચાર ઘોડાઓ સાથે કરવામાં આવેલ.

મંદિર દાતા પરિવાર સંઘમાતા ભારતીબેન ભાગચંદ જૈન પરિવારનું કોઠારા ગામવાસીઓ દ્વારા પ્રભાતસિંહ જાડેજા, ભરતસિંહ જાડેજા, કેશુભા જાડેજા, પ્રાણજીવન ગણાત્રાએ સન્માન કર્યં હતું. જયેશભાઈ જૈનને કચ્છી સાફો પહેરાવી ગ્રામજનોએ બહુમાન કર્યું અને એમના પરિવારની માદરે વતન પ્રત્યેની ભાવનાઓ અને અંતરની લાગણીઓને બિરદાવી હતી.

આ પ્રસંગે ઉદ્‌બોધન કરતાં જયેશભાઈ જૈને જણાવ્યું હતું કે, વાછરાદાદાનું મંદિર નવું બનાવી ગ્રામજનોને અર્પણ કરું છું. મને અને મારા પરિવારજનોને આ મંદિર નિર્માણ કરવનાી જે તક મળી છે, એ બદલ ગામવાસીઓનાં આભારી છીએ. તેઓશ્રીએ આ અવસરે દાદાનાં આગળનાં ભૂવા આણંદભાઈ મોતાની સેવાઓ અને લાગણીઓને બિરદાવી હતી.

બપોરે કોઠારા ગામનાં સર્વે સમાજોનું ધુવા બંધ જમણ યોજાયું હતું. સમગ્ર ગામવાસીઓ એકતા-સંપ અને ભાઈચારાની ભાવના સાથે એકી સાથે જમ્યા હતા. જૈન ભોજનશાળા, આશાપુરા મંદિર, કોઠારા વ.ક. નાથા છાત્રાલય અને મુસ્લિમ જમાતખાના મધ્યે ગામવાસીઓને પ્રેમથી ભોજનીયા જમાડવામાં આવેલ. સાંધવ કોઠારા મધ્યે ધુવા બંધ ગામજમણમાં ૭૦૦૦ ભાવિકોએ સાધર્મિકભક્તિ, પહેડી પ્રસાદનો લાભ લીધેલ. કમલેશ મારાજ કેટરર્સવાલાએ ચટાકેદાર ભાવતા ભોજનીયા તૈયાર કરેલ.

કોઠારા મુસ્લિમ સમાજ દ્વારા જયેશભાઈ જૈનનું શાલ ઓઢાળી બહુમાન કરવામાં આવેલ. કોઠારા મહેશ્વરી સમાજનાં

૧૪ ભાઈ-બહેનો કોઠારાથી રણુજાની ૭૦૦ કિ.મી. ની પદયાત્રા પૂર્ણ કરી આવ્યો હોઈ તેમનું પણ ગ્રુપ દ્વારા સન્માન કરવામાં આવેલ. પ્રભાતસિંહ જાડેજા, કોઠારા દરેક સમાજના ભાઈઓ તથા કોઠારાવાસીઓએ કાર્યક્રમને સફળ બનાવેલ.

બપોરે ૧૨-૩૯ કલાકે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન કોઠારા જિનાલય મુખ્ય રંગમંડપ મધ્યે શાંતિનાથ દાદાનાં દરબારે યોજાયું હતું. સમાજવાસીઓ અને બહારગામથી પધારેલ મહેમાનોની વિશેષ ઉપસ્થિતિથી રંગમંડપ ભરચક બન્યો હતો. મુંબઈ મહાજનના અધ્યક્ષ શ્રી કલ્પેશભાઈ મોતા તથા મંત્રી શ્રી રમેશભાઈ લોડાયા, ડોંબિવલી મંડળના પ્રમુખ શ્રી રાયચંદભાઈ જીવાણી ઉપસ્થિત રહ્યા હતા.

તા. ૧૨-૬ નાં પાલિતાના, સુથરી, તેરા, નલીયા, જખૌ, સાંયરા, સાંધવ, પરજાઉ, ગઢશીશા, દેઢીયા, ૭૨ જિનાલય, ભદ્રેશ્વર તીર્થે અને મુલુન્ડ જિનાલયોમાં બપોરે મોટી પૂજા ભણાવવામાં આવેલ તથા રાત્રે પરમાત્માની આંગી રચના કરવામાં આવેલ.

રાત્રે જિનાલયમાં પ્રભુજીની ગુલાબનાં ફુલોથી રચાયેલ આંગી જોવા જૈન-જૈનેતરો ઉમટી પડ્યા હતા. દીવાઓની ઝગમતી રોશનીથી જિનાલયે શણગાર સજ્યા હતા. મુળનાયક શાંતિનાથ પ્રભુજી, પાર્શ્વનાથ પ્રભુજીનાં દેરાઓ રોશનીથી શોભી ઉઠ્યા હતા. કોઠારા જિનાલયનાં ઉંચા શ્વેત શિખરો ઝગમગતી રોશનીથી શોભી ઉઠતાં ગામવાસીઓ પણ દાદાનાં દર્શને પહોંચ્યા હતા. અને પ્રભુજીનાં ચરણોમાં શીશ ઝુકાવી ધન્યતા અનુભવી હતી. દેરાસરજીનાં રળિયામણાં ચોકમાં ફુવારા અને રંગોળી સાથે હજારો દિવડાઓની રોશનીએ અનેરૂ આકર્ષણ જગાવ્યું હતું.

તૃતિય દિને સવારે અબડાસાનાં રાણપર ગામે બિરાજમાન પરમાત્મા મહાવીરસ્વામિનાં અઢાર અભિષેક યોજાયા હતા. ૩૦૦ ની સંખ્યામાં બહારગામથી પધારેલા મહેમાનો અને ગ્રુપનાં કાર્યકરો તથા પરજાઉ ગામવાસીઓ, લાલા ગામવાસીઓની ઉપસ્થિતિમાં જિનાલયનાં જિનબિંબોનાં અઢાર અભિષેક યોજાયા હતા. ગીત સંગીતનાં સૂરો વચ્ચે અઢાર અભિષકે ભક્તિ ભાવપૂર્વક યોજાયા હતા. જેનો લાભ શ્રી ઠાકરશી લાલજી પટેલ સાંધવ અને સંઘવી ભાગચંદ દામજી ધરમશી મુલુન્ડ પરિવારે લીધેલ. ગીત સંગીતની રમઝટ કિશોર સંઘાર એન્ડ પાર્ટીએ બોલાવેલ. રાણપુર ગામમાં કોઈ વસવાટ નથી. એક પણ ઘર નથી. છતાં પ્રભુ મહાવીર સ્વામિ અહીં બિરાજે છે. ગામવાસીઓ હિરાચંદભાઈ તથા બાબુકાકાએ જણાવ્યું હતું કે, અમારી ૭૦ વર્ષની ઉંમર થઈ એમાં પહેલી જ વાર રાણપર ગામે આટલી વિશાળ સંખ્યામાં માનવ મહેરામણ ઉમટેલો જોવા મળ્યો છે. વાછરાદાદાના આદેશનુસાર તે જ દિવસે દાદાના પ્રાચીન ઘોડાઓ રાણપુરની ધરામાંથી મળી આવેલ. જેમની પણ ટુંક સમયમાં પુનઃપ્રતિષ્ઠા કરવામાં આવશે.

સવારે કોઠારા તીર્થે શાંતિનાથ જિનાલયે જિનબિંબોનાં અઢાર અભિષેક. બહોળા પ્રતિમા પરિવાર ધરાવતા આ જિનાલયમાં પરમાત્માઓનાં અઢાર અભિષેકનો લાભ ઉપસ્થિત સર્વે ભાવિકોએ આનંદ ઉલ્લાસ અને ભક્તિભાવ સાથે લીધો હતો. ગીત-સંગીતની ભારે રમઝટ જામી હતી. રાત્રે પરમાત્માની આંગી તથા પ્રભુજીની ભક્તિભાવના યોજાયા હતા. નલીનભાઈ અજાણી, રાયચંદ લોડાયા, દીનેશ અજાણી, વિરચંદ ધરમશીં, હેમંત અજાણી, હરીશ મુનવર ઉપસ્થિત રહ્યા હતા.

ત્રણ દિવસ મુંગા અબોલ-પશુ-પક્ષીઓની જીવદયા અને અનુકંપ દાન કરવામાં આવેલ. કોઠારા તેરા મધ્યે પશુઓને સુકો તથા લીલો ચારો નાખવામાં આવેલ. નલીયા, સુથરી, જખૌ પાંજરાપોળોમાં તેમજ સાંધવ, વડસર, સુખપર મધ્યે પશુઓને ઘાસચારો આપવામાં આવેલ. મહોત્સવ દાતાશ્રી શ્રીમતી ભારતીબેન ભાગચંદ ધરમશી જૈન પરિવાર દ્વારા કોઠારા પાંજરાપેળને રૂા. ૫૧૦૦૦ તથા તેરા પાંજરાપોળને રૂા. ૫૧૦૦૦નું અનુદાન આપવામાં આવેલ. મહોત્સવ પ્રતિષ્ઠા દરમ્યાન અખિલ ભારત અચલગચ્છ વિધિપક્ષ જૈન સંઘનો અધ્યક્ષ શ્રી શામજીભાઈ દંડ, ભદ્રેશ પટેલ, દેવેન ધરમશી, ચેતન ભેદા, વિરેન્દ્ર લોડાયા, હરિશ શિયાડ, જયેશ મોમાયા, દામજી સોની, ચાંદનીબેન લાલકા, જયેશ દંડ, ભરત વિકમશી, કિર્તી લોડાયા, અશોક મોતા, લક્ષ્મીચંદ પોલડિયા, મણીકાન્ત નાગડા, હેમેન્દ્ર લોડાયા, ભરત જીવાણી, હરીશ ડાઘા, નિકેશ પટેલ, ચેતન પીર, સંદિપ લોડાયા, નાનજી નાગડા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ભરત લોડાયા, રાજુ મોતા, નવિન મોતા, નિર્મલ ખોના, ઉમેશ ખોના, લલીત મોમાયા, રાજેન્દ્ર ડાઘા, ફાલ્ગુન ખોના, મહેશ દંડ, લક્ષ્મીચંદ પોલડીયા, પદમ મોમાયા, રાયપુરથી ચંદ્રેશ છેડા, ઉત્તમ મૈશેરી, ખંડવાથી લક્ષ્મીચંદ દંડ, અમદાવાદથી ગુલાબ દંડ, ચંદ્રેશ લોડાયા, મહેન્દ્ર ખોના, ચંદ્રકાન્ત લોડાયા, સુરેશ સોની, પ્રકાશ રાજવીર, દિનેશ મૈશેરી, સુરતથી શરદ દંડ, અંકલેશ્વરથી રમેશ ખોના, ગાંધીધામથી મિતેશ ધરમશી, મહેશ લાલકા, અરવિંદ લોડાયા, નિરંજન લોડાયા, કાંતીલાલ લાલકા, લબ્ધી મોમાયા, માંડવીથી શિવજી સંઘાર, શૈલેશ ઠક્કર, બૌઉતેર જિનાલયથી રતિલાલ લોડાયા, ભુજથી હરીસીંગ જાડેજા, હરીશ લોડાયા, નલિયાથી જયદિપસિંહ જાડેજા, રાયચંદ ડાઘા, લહેરી મહારાજ, દિલીપ પટેલ, તેરાથી કીર્તી ધમરશી, બાયઠથી નિલેશ પોલડીયા, વરાડીયાથી દેવેન્દ્ર પટેલ, ડુમરાથી રમેશ સોની, સાયરાથી પ્રેમચંદ મોમાયા, હિરાચંદ ધ્રોળ, નવિન ધ્રોળ, દિનેશ પટેલ, ગામેગામના મહાજનો પધારેલ. મુંબઈથી પોપટ ગાલા, ચિમન સંગોઈ, શૈલેષ યાજ્ઞનીક, દિપક પાસડ, નિમેશ દમાણી, અનીલ ચદા, નયન શાહ, નવિન લોડાયા, લક્ષ્મીચંદ નરશી, ભદ્રીક દંડ, દિનેશ દંડ, સુરેશ લોડાયા, મહેન્દ્ર મૈશેરી, ઈન્દોરથી હિરાચંદ લાલકા, જલગામથી લલીત લાલકા, મુંબઈથી ડુમરા મહાજનના ટ્રસ્ટીગણ સર્વે ઉપસ્થિત રહ્યા હતા.

ત્રિદિવસીય મહોત્સવનાં વિધિવિધાન કેવલ સાવલાએ કરાવેલ. જ્યારે કૌશિક બારોટ એન્ડ પાર્ટીએ પ્રભુભક્તોને ગીત-સંગીતથી પ્રભુભક્તિમાં તરબોડ કરી દીધા હતા. મંડપ સર્વિસ અરવિંદ મંડપ કરશનભાઈ શેરડીવાલાએ, દિવડા શણગાર

ભરતભાઈ સુરેન્દ્રનગરવાલાએ, પ્રભુજીની અંગરચના જયશ્રીબેન માંડવીવાલા તથા મધુરીબને વિકમશી લાયજાવાલાએ, જ્યારે રંગોળી કિરણભાઈ ડોંબિવલીવાલાએ સજાવેલ, ઢોલ શરણાઈ માટે ડીસા પાર્ટી પધારેલ. ભાવતા ભોજનીયા નારાયણ મારાજ રાજસ્થાનવાલાએ તૈયાર કરેલ. સમગ્ર આયોજનને સફળ બનાવવા જયેશ જૈન, પ્રવિણ લોડાયા, કિરણ દંડ, પ્રબોધ મુનવર, વીરચંદ ખોના, પ્રવિણ મોતા, કુસુમકાંત લાલકા, વિપુલ પટેલ, ભદ્રિક મૈશેરી, લક્ષ્મીચંદ દંડ, પ્રજ્ઞેશ જૈન, લોકેશ જૈન, સોમચંદ નાગડા, ચેતન ખોના, ભરત લોડાયા, મહેન્દ્ર ડાઘા, મહેશ નાગડા, વિપુલ પટેલ, ભરત ખોના, કેતન દંડ, વિનોદ લાલકા, હિતેશ પટેલ, મનોજ ગાલા, રતિલાલ ધ્રોળ, ઝવેરચંદ ધરમશી, નીતીન ધરમશી, વિપુલ ધરમશી, નીખીલ પટેલ, મુકેશ દંડ, ખુશાલ મૈશેરી, રાજેશ પટેલ, મહેન્દ્ર મોતા, ચંદ્રકાંત મુનવર, કીરીટ લોડાયા, ભૂપેન્દ્ર ડાઘા, હીરાચંદ કુરૂવા, પ્રકાશ લાપસીયા, ગુલાબ મોતા, ખીમજી મૈશેરી, ગુલાબ પોલડીયા, મનીષ પીર, કીરણ ગાલા, ધનપતિ લોડાયા, વર્ધમાન લોડાયા, મુલચંદ મુનવર, કુલીન મુનવર, ખીમજી મોતા, દીનેશ મોતા, ગુલાબ મોતા, દામજી નાગડા, ચંદ્રેશ સોની, ભાવિન મોતા, ધવલ દંડ, વિપુલ પોલડીયા, તોરલબેન શાહનંદ, પુરબાઈ લોડાયા, મીનાબેન નાગડા, કસ્તુરીબને લોડાયા, રસીલાબેન ખોના, ભારતીબેન છેડા, હિનાબેન જૈન, વિજયાબેન પટેલ, જયાબેન મુનવર, ગુણવંતીબેન મોતા, જયાબેન સોની, મીઠીબેન દંડ, ગીતાબેન લોડાયા, અમિતાબેન મોમાયા, કલ્પનાબેન લોડાયા, વીમલાબેન મૈશેરી, નયનાબેન મોતા, જોસનાબેન દંડ, નીતીબેન નાગડા, જાગૃતિબેન મૈશેરી, ઈલાબેન ખોના, રેખાબેન લોડાયા, મીનાબેન દંડ, ધનલક્ષ્મીબેન મૈશેરી, તથા ગ્રુપના સર્વે કાર્યકરોએ સહયોગ આપ્યો હતો. ત્રણ દિવસ મહોત્સવમાં એકાસણા, આંબીલ, ઉપવાસની સારી એવી તપસ્યા થયેલ.

લી. **પ્રબોધ મુનવર** – ભુજ ● **પ્રવિણ મોતા** – ડોંબિવલી

## સમાચાર વિભાગ

### વરાડીયા ગામે વાછરા દાદાનો પ્રતિષ્ઠા મહોત્સવ

વરાડીયા ગામે વાછરાદાદાની પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો તા. ૧૨/૬/૨૦૧૫, શુક્રવારના વાછરાદાદાની અને ખેતરપાળ દાદાની પ્રતિષ્ઠા થયેલ. વરાડીયા ગામવાસીઓ બહારગામથી મહેમાનો સારી ૨૫૦ જણ સંખ્યામાં હાજર રહેલ. વરાડીયા ગામવાસીઓ મુંબઈથી ૩૦ જણની સંખ્યામાં પધારેલ. ભૂમિદાતા : માતુશ્રી મિઠીભાઈ ધનજી દેવશી મોમાયા પરિવાર-વરાડીયા લાભ લીધેલ. નવનિર્મિત મંદિર તેમજ મૂર્તિનો સંઘવી શ્રી ભાગચંદ દામજી જૈન પરિવાર, કોઠારા-મુલુન્ડ લાભ લીધેલ. પ્રતિષ્ઠા કરવાનો તેમજ સાર્ધમિક ભક્તિનો લાભ શ્રી શામજી નરશી દંડ પરિવાર, સાંધવ-મુલુન્ડ પહેડી પ્રસાદ લીધેલ. અંકલેશ્વરથી મધુભાઈ, મુંબઈથી પદ્મભાઈ મોમાયા, શાન્તિલાલ મોમાયા, શામજી મણશી, હરીશ ડાઘા તેમજ અન્ય ભાવિકો પધારેલા. પ્રતિષ્ઠાને સફળ કરવા રાજેન્દ્ર ડાઘા, મહેન્દ્ર ડાઘા, ખુશાલ ડાઘા, મોનીક ડાઘા, લલીત મોમાયા, દેવેન્દ્ર મોમાયા, સુરેશ દંડ આદિએ સારી એવી જહેમત ઉઠાવેલ. વર્ષો પહેલા ખંડીત થયેલ બધા ઘોડાઓ પ્રતિષ્ઠા થયેલ. આ નિમિત્તે જીવદયારૂપે કુવાપધર, બાંઢીયા, સાંધવ, વરાડીયા, સાંયરા, આરિખાણા, સાંધણ, વાકું, વારાપધ્ધર, લાલા, મોટી સિંધોડી, રાપર, જસાપર, ડુમરામાં ઘાસની ગઠળીઓ આપવામાં આવેલ.

### અબડાસા ગામોમાં સારી વરસાદ

ભાચુડા, સાંધવ, કોઠારા, વિંઝાણ, વાકું, વારાપધ્ધર, પરજાઉ, લાલામાં, સારો વરસાદ થયો છે, ત્યાંના તળાવ ઓગનાઈ (છલકાઈ) ગયા છે, એમ તાજેતરમાં આ ગામોની મુલાકાત લઈ આવેલા શ્રી શાંતિજિન જાગૃતિ ગ્રુપના ઉપપ્રમુખ ગોવિંદજી પટેલે જણાવ્યું છે. સરેરાશ ત્રણ ઈંચ વરસાદ થયો છે.

### શ્રી શાંતિ જિન જૈન જાગૃતિ જીવદયા પ્રવૃત્તિ

સાંધવ ગામે પશુઓને જીવદયામાં દોઢ મહિનાથી વધારે રોજ ઘાસની ગંઠળીઓ શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈ દ્વારા થઈ રહ્યું છે. હાલમાં ત્રણ ઈંચ જેટલો વરસાદ પડેલ છે.

### સમસ્ત લોડાયા પરિવારની જીવદયા પ્રવૃત્તિ

સમસ્ત લોડાયા પરિવારના સચ્ચામાતાજીની પહેડી વખતે દાનપાત્રમાં આવેલ રૂપિયાનો જીવદયામાં ઉપયોગ કરેલ. કોઠારા, નલિયા, તેરા, જખૌ, સુથરી, પરજાઉમાં રૂા. ૫૦૦૦/- આપવામાં આવ્યા.

### ભુજમાં યોજાશે સમસ્ત જૈન સમાજનો સમુહલગ્નોત્સવ

શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન મહાજનશ્રી ભુજ અને શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ,ના સંયુક્ત આયોજનથી સમસ્ત જૈન સમાજનો આગામી સમુહલગ્નોત્સવ - ૨૦૧૫ ભુજ-કચ્છ મધ્યે તા. ૧૨ અને ૧૩ ડીસેમ્બરનાં રોજ યોજાશે. તેવું ક.વી.ઓ. જૈન મહાજન ભુજનાં અધ્યક્ષ શ્રી તારાચંદભાઈ છેડા તથા શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ મુંબઈનાં અધ્યક્ષ શ્રી જયેશભાઈ જૈને જણાવ્યું હતું.

આ સમુહલગ્નોત્સવમાં જોડાવા ઈચ્છુક વર-કન્યા પક્ષોએ સમુહલગ્નનાં ફોર્મ ક.વી.ઓ. જૈન મહાજન, અમરસન્સ ભવન, જી.ઈ.બી. સામે, વિજય નગર, ભુજ અથવા પ્રબોધ મુનવર, લોહાર ચોક, ભીડ ગેટ પાસે, ભુજ સ્થળેથી મેળવી તા. ૩૧.૭ સુધીમાં ભરીને આપવાનાં રહેશે.

તા. ૧૨ અને ૧૩ ડીસેમ્બર ૨૦૧૫ નાં ભુજનાં આંગણે સમગ્ર જૈન સમાજનો સમુહલગ્નોત્સવ ઉજવાશે. ખોટા ખર્ચાથી બચવા સમુહલગ્ન અતિ જરૂરી બન્યા છે ત્યારે, કચ્છ ભુજનાં આંગણે સમગ્ર જૈન સમાજનાં યોજાઈ રહેલા સમુહ લગ્નમાં જોડાવા જૈન પરિવારોને શ્રી નરેશભાઈ શાહ તથા ગોવિંદભાઈ પટેલે વિનંતી કરી છે.

# જીવદયા પ્રેમી સંઘવીશ્રી ભાગચંદભાઈ દામજી જૈન (ધરમશી) ની પુણ્ય સ્મૃતિમાં કોઠારામાં ત્રિહાન્હિકા મહોત્સવ ઉજવાયો સમગ્ર ગામવાસીઓનું ધુવા બંધ જમણ યોજાયું

## કોઠારા - વરાડીયા ગામે સંઘ માતા ભારતીબેન ભાગચંદ જૈન પરિવાર દ્વારા વાછરાદાદા મંદિરની પ્રાણપ્રતિષ્ઠા જ્ઞાતિની વસતિ વગરના રાણપર મહાવીર સ્વામિ જિનાલયે દાયકાઓ બાદ સેંકડોની ઉપસ્થિતિમાં અઢાર અભિષેક યોજાયા

















# જીવદયા પ્રેમી સંઘવીશ્રી ભાગચંદભાઈ દામજી જૈન (ધરમશી) ની પુણ્ય સ્મૃતિમાં કોઠારામાં ત્રિહાન્હિકા મહોત્સવ ઉજવાયો સમગ્ર ગામવાસીઓનું ધુવા બંધ જમણ યોજાયું

## કોઠારા - વરાડીયા ગામે સંઘ માતા ભારતીબેન ભાગચંદ જૈન પરિવાર દ્વારા વાછરાદાદા મંદિરની પ્રાણપ્રતિષ્ઠા



## રાણપર મહાવીર સ્વામિ જિનાલયે અઢાર અભિષેક યોજાયા
















# પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

જનની ની જોડ સખી નહીં જડે રે લોલ



ગામ
(નલિયા-રાયપુર)

અરિહંત શરણ
તા. ૨૯/૫/૨૦૧૫

## સ્વ. માતુશ્રી કસ્તુરીબેન તિલકચંદ ડુંગરશી મોમાયા (ભઠારા)

વટવૃક્ષની છાયા સમ હતી, હયાતી આપની...
ચોમેર પ્રસરેલ પમરાટથી, સુવાસિત ખ્યાતિ આપની...
શોકમગ્ન કરી ગઈ, અણધારી વિદાય આપની...
રહેશે અમારા હૃદયમાં, સહેજે સ્મૃતિ આપની !

કુદરત કેમ રુઠી અમારા પરિવારથી, પળ પળ હૃદય કરે પુકાર...
અમારા પુષ્પને સાચવજે નાથ, વસ્યા જઈ પ્રભુને પાસ, છોડી અમારો સાથ...
અમ હૈયે રહેશે હવે તમારી સ્મૃતિનો સંગાથ.
આપના ખજાનામાં શી ખોટ પડી કે અમારા પરિવારના રત્નને ઝુંટવી લીધો...
પ્રભુને પણ અવતરવું પડે છે, ને માની ગોદમાં રમવું પડે છે...
મા એ મા છે, બધા ને ત્યાં વિરમવું પડે છે.....
બસ, પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના !

❖ લિ. આપની સ્મૃતિ માં ❖

**માતુશ્રી ગંગાબાઈ ડુંગરશી જેવત મોમાયા (ભઠારા) પરિવાર** (નલિયા - રાયપુર)
**માતુશ્રી ભચીબાઈ લખમશી રાઘવજી મૈશેરી પરિવાર** (નાની સિંધોડી- રાયપુર)
**શ્રી કાનજી (જખુભાઈ) વેલજી સાયલા પરિવાર** (કોટડી મહાદેવપુરી - વડાલા)

| | |
|---|---|
| પતિ | - તિલકચંદ ડુંગરશી મોમાયા - રાયપુર (નલિયા) |
| પુત્રી | - કલ્પના રમેશ લોડાયા - અહમદનગર (રાપરગઢવાલી) |
| પુત્રી | - વીણા જવેરચંદ લોડાયા - ભાંડુપ (બાયઠ) |
| પુત્રી | - મનિષા દીપક લોડાયા - યવતમાલ (તેરા) |
| પુત્રી | - યોગિતા મનિષ લોડાયા - નાસિક (બારોઈ) |
| દોહિત્રી | - નેહા ગૌરવ દંડ - મલકાપુર (વરાડીયા) |
| દોહિત્રી | - નિયતિ જીગેશ મૈશેરી - થાણા (જખૌ) |
| દોહિત્રી | - નિરલ, જીનિશા, ટીશા |
| દોહિત્રા | - મિહિર, ફેનિલ, દર્શન |
| પરદોહિત્રી | - ભૂમિ |

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

## શ્રદ્ધાંજલિ



**સ્વ. મણીલાલ રાયચંદ પાશ્વીર લોડાયા**
ઉ. વ. ૬૬

જન્મ : તા. ૩૦/૩/૧૯૫૦ સાંયરા (ગદગ)
સ્વર્ગવાસ : તા. ૩૦/૫/૨૦૧૫ મુંબઈ

મણીલાલની અણધારી વિદાયથી સૌ થયા અનાધાર ને લાચાર...
હર પરિસ્થિતિમાં હોય તેની હસમુખ ચહેરાની છબી યાદગાર...
ગરીબ અમીર અબાલવૃદ્ધ સૌના સઘળા કામ માટે તત્પર ને તૈયાર...
ગદગ યુવક મંડળમાં આગવું સ્થાન શોભાવ્યું અને મેળવ્યો સૌનો સહકાર...
ગદગ સ્કુલમાં અને કાર્યોનાં યોગદાનનો હતો સિંહફાળો અપરંપાર...
ગદગ મહાજન ટ્રસ્ટમાં એનાં અદ્દભુત કાર્યોને મળતો અનેરો આવકાર...
ગદગ રોટરી ક્લબ ને રૂઉ અસોશીયેશનમાં એની કાર્યશૈલી હતી અપાર...
ટેબલ ટેનીસ ને ટેનીસ રમતમાં એની નિપુણતાનો જોટો નહોતો યાર...
વર્ષોથી ગદગનાં પ્રખ્યાત 'ધોડાક્ષ્રા' નાટકમાં યમરાજનું પાત્ર ખાસ યાદગાર...
એનાંએ અનોખા પાત્રની અનેરી અદાને પોકારતા વાહવાહ સૌ નરનાર...
અસલી યમરાજ પાસે પણ એણે હસતાં મોઢે સ્વર્ગવાસને આપ્યો આવકાર...
ગુણવાન પત્ની ભારતીની અકાળે સ્વર્ગવાસથી એને આઘાત હતો પારાવાર...
પુત્રી રચના અને દોહીત્રી અમીયરામાં એણે જોયો પોતાની ભારતીનો અવતાર...
કુટુંબ સમાજનો લાડકો એટલો કે પ્રત્યેક સાથે એને સ્નેહ પ્રેમ અપાર...
એ ઉચ્ચ કોટીનાં મણીની વિદાયથી દુઃખથી ઘેરાયો પૂર્ણ પરિવાર...
આવા વિશેષ વિરલનાં સદ્દગુણોને જરૂર સદા યાદ કરશે સંસાર...

દુઃખની ઘડીઓમાં સાંત્વના આપનાર સૌની અંતઃકરણથી આભાર...

**લિ. શોકાતુર પરિવારજનો**

## હાર્દિક અભિનંદન

### મુનવર પરિવારનું ગૌરવ (જખૌ - બેદ્દારી)



**ચી. ચિંતન ચેતન મુનવર**
MIT. MANIPAL થી B.TECH
CIVIL ENGINEERING માં
BRANCH TOPPER -
CGPA 10 માંથી 9.81 મેળવેલ છે.



**ચી. પ્રતીક ભરત મુનવર**
CBSE 10th માં
CGPA
10 માંથી 9.4 મેળવેલ છે.



**કુ. ભક્તિ રાજેશ મુનવર**
CBSE 10th માં
CGPA
10 માંથી 8.2 મેળવેલ છે.

: માતા-પિતા :
સૌ. પ્રીતિ ચેતન મુનવર

: માતા-પિતા :
સૌ. જ્યોતિ ભરત મુનવર

: માતા-પિતા :
સૌ. હીના રાજેશ મુનવર

: દાદા-દાદી :
સ્વ. સોમચંદ દાનજી મુનવર • ગં. સ્વ. નવલબેન સોમચંદ મુનવર

: ફઈ - ફુઆ :
સૌ. લેખા ગૌતમ મોમાયા • સૌ. નૈના વિરેશ શાહ

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,